
ફેબ્રુઆરી ૨૦૧૩

# દાદાવાણી

કિંમત ₹ ૧૦




છ મૂળ વસ્તુઓમાં જડ અને ચેતન
બે સામીપ્યમાં આવે ત્યારે
વિશેષ પરિણામ ઉત્પન્ન થાય છે.
બીજાં ચાર તત્ત્વોને ગમે ત્યાં,
ગમે તેવી રીતે સામીપ્યમાં આવે તોય
કશી જ અસર થતી નથી.

તંત્રી :
ડિમ્પલ મહેતા
વર્ષ : ૧૮, અંક : ૬
સળંગ અંક : ૨૧૦
ફેબ્રુઆરી ૨૦૧૩

સંપર્ક સૂત્ર :
અડાલજ ત્રિમંદિર,
સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ.ગાંધીનગર, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org

**Printed & Published by**
Dimple Mehta on behalf of Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421. Dist-Gandhinagar.

**Owned by**
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421. Dist-Gandhinagar.

**Printed at**
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI, Usmanpura, Ahmedabad-14.

**Published at**
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421. Dist-Gandhinagar.

**Editor** : Dimple Mehta

લવાજમ (ગુજરાતી)
૧૫ વર્ષ
ભારત : ૭૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## તત્ત્વો, પરમાણુની અસરોનું વિજ્ઞાન

### સંપાદકીય

સૂર્યનારાયણના પ્રકાશમાં પડછાયાને ઉત્પન્ન થતા કેટલો સમય લાગે ? અરીસાની સામે વસ્તુ આવે તો તેનું પ્રતિબિંબ ઉત્પન્ન થતા કેટલી વાર લાગે ? એ કેવી રીતે બનતું હશે ? એ ક્રિયા સહજ સ્વભાવિક જ છે. એ રીતે બે તત્ત્વો જડ અને ચેતન સાથે આવવાથી વિશેષ પરિણામ ઉત્પન્ન થાય છે અને એની અસરથી રોંગ બિલીફ ઉત્પન્ન થઈ જાય છે. પાંચ તત્ત્વોના પરિવર્તનથી એનું દબાણ આત્મતત્ત્વ ઉપર આવે છે અને ભ્રાંતિ ઉત્પન્ન થઈ જાય છે. પુદ્‌ગલના દબાણની અસરથી વ્યતિરેક ગુણો 'હું' અને 'મારાપણું' ઊભું થઈ જાય છે અને એનાથી સર્જાય છે આ સંસારની ઘટમાળ.

આ બાહ્ય પરિબળોની જે અસર થાય છે એ ખરેખર પુદ્‌ગલને થાય છે, એ આત્માને થતી નથી. પણ સંયોગોના દબાણથી જે 'હું' વ્યવહાર આત્મા ઊભો થઈ ગયો છે તે માની બેસે છે કે મને જ અસર થાય છે. પોતે પોતાના સ્વભાવિક ગુણમાંથી છૂટીને વિભાવિક ગુણમાં રમણતા કરે છે માટે તેને અસર થઈ જાય છે. બાકી મૂળ આત્મા તો શુદ્ધ જ છે. એને કોઈ અસર થતી નથી.

આત્મા તો સદાય શુદ્ધ જ છે, જ્ઞાન સ્વરૂપ છે, વિજ્ઞાન સ્વરૂપ છે. આત્મા પોતે સ્વભાવિક જ્ઞાનની બહાર ક્યારેય પણ ગયો જ નથી. એનો સ્વભાવ તો જ્ઞાન-દર્શન છે. પણ સંયોગોના દબાણથી અસર થઈ જાય છે એટલે દર્શન વિભાવિક થાય છે. જ્ઞાનની બિલીફમાં ફેર પડે છે એટલે અજ્ઞાન ઊભું થઈ જાય છે. આત્માને કશું અજ્ઞાનતા થઈ નથી. આત્મા તો અસરોથી મુક્ત જ છે.

જેમ લોખંડને ભેજવાળી હવાથી કાટ ચઢે છે તેમ વિશેષભાવથી અહંકાર અને એમાંથી પ્રકૃતિ ઊભી થઈ જાય છે. હવે જો લોખંડ ઉપરથી કાટ કાઢી લેવામાં આવે તો લોખંડ લોખંડની જગ્યાએ અને કાટ કાટની જગ્યાએ છે. બન્ને ભિન્ન છે, તે બન્નેના ગુણો પણ ભિન્ન છે. એ રીતે આત્મા અને ઊભી થયેલી પ્રકૃતિ બન્ને ભિન્ન જ છે. બન્નેના ગુણો પણ ભિન્ન છે. જ્યાં સુધી એ પોતે સ્વભાવ ભાવમાં ના આવે ત્યાં સુધી પ્રકૃતિ સ્વભાવમાં રહ્યા કરે અને એની અસરોમાં લબદાયા કરે. પણ જ્યારે એને સ્વરૂપની પ્રાપ્તિ થાય, અહંકારથી ભ્રાંત દશામાંથી મુક્તિ થાય એટલે પછી પ્રકૃતિ સ્વરૂપ, સંયોગ સ્વરૂપ એ મારું નથી એ ભાન થાય એટલે પછી અસરોથી મુક્ત થાય. અને જ્યારે ડિસ્ચાર્જ અહંકાર પણ સંપૂર્ણપણે ખલાસ થઈ જાય એટલે પોતે ચોખ્ખો થઈ જાય, 'મૂળ શુદ્ધ સ્વરૂપે.' જ્યારે 'હું' વિભાવમાંથી ખસીને સંપૂર્ણ સ્વભાવમાં આવી જાય ત્યારે આત્મજ્ઞાન કેવળજ્ઞાનમાં પહોંચે. પછી એને કોઈ પરમાણુ અસર ના કરી શકે. જ્યારે છેલ્લે પોતે પુદ્‌ગલ પરમાણુથી પણ મુક્ત થાય ત્યારે મૂળ સ્વરૂપે, પ્રકાશ સ્વરૂપે, જ્ઞાન સ્વરૂપે સિદ્ધ દશાને પામે. ને ત્યાં રહ્યા રહ્યા જગતના સર્વ પરમાણુની થતી અસરોને જુએ-જાણે ને નિરંતર પોતાના આનંદમાં રહે.

પ્રસ્તુત સંકલન તત્ત્વો અને પરમાણુની વિવિધ અસરો ને તેમાંથી મુક્ત થવાના ઉપાય ઉપર પ્રકાશ પાડે છે, જે સર્વે સ્વાનુભવ જિજ્ઞાસુ મહાત્માઓને અંતિમ ધ્યેય પ્રાપ્તિની સાચી સમજ મેળવવા માટે સૈદ્ધાંતિક અને વૈજ્ઞાનિક ફોડ જરૂરથી ઉપલબ્ધ કરાવશે એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ**

# તત્ત્વો, પરમાણુની અસરોનું વિજ્ઞાન

## રોંગ બિલીફથી ઊભો આ સંસાર

**પ્રશ્નકર્તા :** આ જગતમાં માન્યતાઓને કારણે જ આ બધા દ્વંદ્વ ઊભા થયા છે ને ?

**દાદાશ્રી :** હા, આ બિલીફ જ બગડી છે. તેથી સંસાર ઊભો થયો છે. આખો સંસાર બિલીફ બગડવાથી ઊભો છે. હવે બે વસ્તુ સાથે મૂકવાથી (આવવાથી) વિશેષભાવ ઉત્પન્ન થયો, પછી બિલીફ બગડી. જેમ ચકલી (અરીસામાં) ચાંચો મારે ને, તે ઘડીએ અહંકાર કામ કરી રહ્યો છે. એ ચાંચો મારનાર પોતે છે અને એ ચાંચો કોને મારે છે ? એ મારાથી જુદી વસ્તુ છે એવું માને છે. એટલે બિલીફ બદલાયેલી છે.

હમણાં અરીસાની સામું તમે જાવ તો અરીસાને તમારે કશું કહેવું પડે કે મારું મોઢું દેખાડ? કશું કહેવું ના પડે ને ? કેમ એમ ? અને તોય એ 'એક્ઝેક્ટ' (બરાબર) મોઢું દેખાડે ને ? જરાય ખોડખાંપણ વગરનું દેખાડે છે ને ? હવે આ અરીસાનો પ્રયોગ રોજનો લાગુ થયો તો એની કિંમત નથી લાગતી. બાકી, એની બહુ મોટી કિંમત સમજવા જેવી છે.

અત્યારે ઘરમાં તમારો પડછાયો દેખાય ? ના. અને બહાર રસ્તા ઉપર નીકળશો તો પડછાયો થશે. તે પછી તમે આમ થશો તોય પડછાયો ઊભો થશે ને આમ થશો તોય પડછાયો ઊભો થશે. એ પડછાયાને બનાવતા કેટલો વખત લાગે ? એટલે 'ઓન્લી સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' છે આ જગત.

એટલે આ તો ભ્રાંતિની આંટી પડી ગઈ છે. બાકી, આત્માને કશું થયું નથી.

**પ્રશ્નકર્તા :** રોંગ બિલીફ આપણે કહીએ છીએ, એ ને અહમ્ એક ?

**દાદાશ્રી :** એ અહંકાર જ છેને ! રોંગ બિલીફ એ જ અહંકાર અને રાઈટ બિલીફ એ શુદ્ધાત્મા.

## રોંગ બિલીફ ઉદ્ભવી કેમ ?

**પ્રશ્નકર્તા :** આ રોંગ બિલીફ એ જ વિશેષ પરિણામ છે કે વિશેષ પરિણામથી રોંગ બિલીફ ઊભી થઈ છે ?

**દાદાશ્રી :** વિશેષ પરિણામથી જ રોંગ બિલીફ ઊભી થઈ છે.

**પ્રશ્નકર્તા :** એટલે એનો અર્થ એમ કે પહેલું વિશેષ પરિણામ ઊભું થાય છે એ વખતે રોંગ બિલીફ નથી હોતી, પણ પછી રોંગ બિલીફ થાય છે ?

**દાદાશ્રી :** વિશેષ પરિણામ ઉત્પન્ન થાય તે કંઈ રોંગ બિલીફને કંઈ કારણે નથી, પણ 'એને' દબાણ લાગે છે બહુ. એટલે ('હું'ને) બિલીફ રોંગ થાય છે કે 'કોણ કરે આ બધું ?' 'હું જ કરું છું' કહેશે. એવી ભ્રાંતિ ઉત્પન્ન થાય છે. એટલે બિલીફ બગડે છે. બિલીફ બગડવાથી સંસાર ઊભો રહ્યો છે ને બિલીફ સુધરે ત્યારે સંસાર બંધ થઈ જાય.

## વિશેષ પરિણામની અસર

**પ્રશ્નકર્તા :** એટલે વિશેષ પરિણામ જે થાય છે એ બે વસ્તુઓ નજીક આવવાથી એ પણ સ્વભાવિક જ થઈ જાય છે ને એવું થયુંને ?

**દાદાશ્રી :** સ્વભાવિક થઈ જાય છે.

**પ્રશ્નકર્તા :** એટલે એમાં રોંગ બિલીફનો સવાલ જ નથી આવતો.

**દાદાશ્રી :** અંધારામાં પાણીના ગ્લાસને બદલે દારૂનો ગ્લાસ પીવાઈ ગયો, પછી વિશેષ પરિણામ ઊભું થઈ જાય, ના થાય ?

**પ્રશ્નકર્તા :** થાય, એની અસર આવેને ! એની અસર છોડે નહીં.

**દાદાશ્રી :** એવું આ બધું વિશેષ પરિણામ ઊભું થઈ જાય છે.

**પ્રશ્નકર્તા :** તો આમાં આ જે તાત્ત્વિક વિજ્ઞાનમાં એવું શું બને છે ? જે આ દાખલો આપ્યો કે પાણીને બદલે દારૂનો ગ્લાસ પીવાઈ ગયો, એવું આ છ તત્ત્વોની વાતમાં શું બને છે ?

**દાદાશ્રી :** બીજા પાંચ તત્ત્વોના પરિવર્તનથી એનું દબાણ આવે છે. એ દબાણને લઈને એમ થાય છે કે 'આ હું કરું છું કે કોણ કરે છે ?' એ સ્વભાવિક ગુણ નથી એ.

બે સનાતન વસ્તુઓ ભેગી થવાથી બેઉમાં 'વિશેષ ભાવ' ઉત્પન્ન થાય છે. એમાં બેઉના પોતાના ગુણધર્મો તો રહે જ છે, પણ વધારાના વિશેષ ગુણો ઉત્પન્ન થાય છે. છ મૂળ વસ્તુઓમાં જડ અને ચેતન બે સામીપ્યમાં આવે ત્યારે વિશેષ પરિણામ ઉત્પન્ન થાય છે. બીજા ચાર તત્ત્વોને ગમે ત્યાં, ગમે તેવી રીતે સામીપ્યમાં આવે તોય કશી જ અસર થતી નથી.

**પ્રશ્નકર્તા :** પણ આત્મા શરૂઆતમાં જે શુદ્ધ સ્વરૂપમાં હતો, તો આવી અસરો નીચે કેમ આવે ?

**દાદાશ્રી :** અત્યારેય શુદ્ધ છે. તે દહાડેય શુદ્ધ હતો, આજેય શુદ્ધ છે અને જ્યારે જુઓ ત્યારે શુદ્ધ જ હશે.

## રોંગ બિલીફ કોને ?

**પ્રશ્નકર્તા :** આ રોંગ બિલીફ કોને થઈ છે ?

**દાદાશ્રી :** જે ભોગવે છે તેને. જે રોંગ બિલીફ ભોગવે છે, તેને થઈ છે.

**પ્રશ્નકર્તા :** અત્યારે તો અમે ભોગવીએ છીએ.

**દાદાશ્રી :** 'એને' ઈન્ટરેસ્ટ (રસ) છે, તેથી આ બધું ભોગવે છે. રોંગ બિલીફમાં 'આ મારી વાઈફ થાય, હું આનો સસરો છું ને મામો છું, કાકો છું' ને એવો જે ઈન્ટરેસ્ટ પડે છે ને, એ બિલીફને લઈને જ આ જગત ઊભું થયું છે અને રાઈટ બિલીફથી જગત આથમી જાય. રોંગ બિલીફથી જ પૈણે છે, રાંડે છે, માંડે છે, છોકરાનો બાપ થાય છે, દાદો થાય છે, બધું રોંગ બિલીફથી.

જેમ સ્ટીમકોલ જો બૂમો પાડે, 'જો મને ટાઢ વાય છે, જો ટાઢ વાય છે !' ત્યારે આપણે શું કહીએ ? 'મૂઆ, તારે લીધે તો બધાની ટાઢ ઊડે છે ઊલટી ! તને શી રીતે ટાઢ વાતી હશે ?' આ સૂર્યનારાયણ બૂમ પાડે, 'મને ટાઢ વાય છે, ટાઢ વાય છે !' ત્યારે એ તો એક સૂર્યનારાયણ છે પણ આ આત્મા પોતે તો હજારો સૂર્યનારાયણ છે, ત્યાં એ પોતે કહે છે, 'મને ટાઢ વાય છે ! ઓઢાડો, ઓઢાડો.' નથી કહેતા શિયાળાની ટાઢમાં ? પાછું કહેશે કે એ હિમ પડ્યું ! અલ્યા મૂઆ, હિમ તારી ઉપર શી રીતે પડે છે ? હિમ તો ગરમ ચીજ ઉપર પડે કે ટાઢી ચીજ ઉપર પડે ? તું નથી ગરમ, તું નથી ટાઢો, તારી ઉપર હિમ શી રીતે પડે ? પણ જો માની બેઠા છે, જો માની બેઠા છે ! એટલી બધી રોંગ બિલીફ ભરી છે કે આનો પાર જ ના આવે !

## રોંગ બિલીફ ઊભી થઈ, વિશેષ પરિણામથી

**પ્રશ્નકર્તા :** જો આત્માના સ્વતંત્ર જ ગુણ છે, તો પછી આ બળતરાનું સંયોજન કોને થઈ રહ્યું છે ?

**દાદાશ્રી :** આત્મા ને દેહનું એટલું બધું સામીપ્ય છે કે જુદાપણાનું ભાન નથી રહેતું. ભ્રાંતિ ઉત્પન્ન થાય છે. જે બધી અસરો થાય છે - ટાઢની, તાપની, ભૂખની, તરસની, તે આત્માને નથી થતી. અસરો પુદ્‌ગલને થાય છે, પણ આત્મા પોતે માની બેસે છે કે મને જ અસર થાય છે !

તમને થયું જ નથી, પણ તમે માની લીધું

ને એટલું બધું માની લીધું, એટલી સાયકોલોજીકલ ઈફેક્ટ (માનસિક અસર) થઈ ગયેલી છે કે તે રૂપ થઈ ગયા છો.

**પ્રશ્નકર્તા :** આ માન્યું છે કોણે ? આત્મતત્ત્વ છે એણે માન્યું છે ?

**દાદાશ્રી :** ના, આત્મતત્ત્વ નહીં.

**પ્રશ્નકર્તા :** તો પછી આપ જે 'મને' કહી રહ્યા છો એ કોણ ?

**દાદાશ્રી :** આ વિશેષ ગુણ ઉત્પન્ન થયો છે ને, તે માની રહ્યો છે અને 'તમે' વિશેષ ગુણમાં છો, 'તમે' તમારા સ્વભાવમાંથી છૂટી ગયા છો.

**પ્રશ્નકર્તા :** એટલે આત્માના સ્વભાવનું છૂટવાપણું ખરું ? એમાંથી એને છૂટવાપણું ખરું ?

**દાદાશ્રી :** છૂટ્યું જ છે ને આ બધું. છતાં આત્માને દોષ નથી, આત્મા તો તેવો જ છે.

## 'શેઠ'ને અસર શેની ?

જેમ અત્યારે એક માણસ હોય નગીનદાસ કરીને, તે આખા ગામના શેઠ હોય અને આખું ગામ વખાણ વખાણ કરે કે નગીનદાસ શેઠની વાત જુદી છે. બધાને હેલ્પ (મદદ) કરે, બધી જાતનું કરે પણ રાત્રે સાડા આઠ થાય એટલે આટલું જરા પીતા હોય, પણ એનાથી વાંધો ના આવે, નુકસાન ના થાય, પીવે ખરા. પણ એક દહાડો એમનો ફ્રેન્ડ (મિત્ર) આવી ગયો. તે કહે, બીજી પ્યાલી લેવી પડશે, તે બીજી લીધી તે ચડ્યું પછી. તે ચડે કે ના ચડે ? તે નગીનદાસ રહે કે પછી કંઈ ફેરફાર થઇ જાય ?

**પ્રશ્નકર્તા :** એ ઉપાધિ.

**દાદાશ્રી :** પછી એ શું કહે, 'હું તો વડોપ્રધાન છું.' ત્યારે આપણે ના સમજીએ કે આમને કશી અસર થઇ, આમને કશુંક થયું છે. શેની અસર છે ? પ્યાલીની. એવું આ પુદ્ગલના દબાણની અસર થયેલી છે બધી. તેમાંથી વ્યતિરેક ગુણો ઉત્પન્ન થયા. જે આત્માનાય નહીં અને જડનાય નહીં. ક્રોધ-માન-માયા-લોભ અને એને ટૂંકાક્ષરી કરવા જઇએ તો 'હું' અને 'મારાપણું' ઊભું થયું. આ બધું ગાડું ચાલે છે તેનોય જ્ઞાતા-દ્રષ્ટા છે આત્મા.

અત્યારેય છે પણ આપણી માન્યતા બદલાય નહીંને ! માન્યતા જ્યારે બદલાય, આ જે ઉપાધિ છે તે ઉપાધિ છૂટે, જેમ દારૂ ઉતરી જાય ને ત્યાર પછી નગીનદાસ હતા તેના તે જ થઇ જાય. ઉતરે એટલે થઇ જાય કે ના થઇ જાય ? ત્યાં સુધી વડોપ્રધાન ને બધું બોલ બોલ કરે. આ ઉપાધિ છે !

એ તો આપણે અહીં દાખલો દેખાય છે. પેલું શું થાય છે, સમજાય નહીં. એ સંયોગો જ્યારે છૂટે ત્યારે મુક્ત થાય.

## ગ્રહાયો સંયોગોની અસરથી

વસ્તુઓનો સ્વભાવ એવો છે કે પોત પોતાના પરિણામ જુદા અને બે વસ્તુ નજીક લાવો ત્યારે તીસરું જ પરિણામ ઊભું થાય.

**પ્રશ્નકર્તા :** દાદા, એનો અર્થ એમ થયો ને કે જ્ઞાન હતું, અજ્ઞાન હતું, એ બન્ને બાજુબાજુમાં આવ્યા એટલે...

**દાદાશ્રી :** (મૂળ આત્માને) અજ્ઞાન તો હતું જ નહીં, અજ્ઞાન જેવી વસ્તુ જ નહોતી.

**પ્રશ્નકર્તા :** પણ અજ્ઞાનથી મુક્ત હતો, શરૂઆતની સ્થિતિમાં....

**દાદાશ્રી :** એ અત્યારેય અજ્ઞાનથી મુક્ત છે. ક્યારેય પણ એ અજ્ઞાનવાળો થયો જ નથી.

અજ્ઞાન તો ઊભું થયું છે આ. જેમ પેલા શેઠને દારૂ પીવેને, દારૂ પીતા પહેલા કશું હતું ?

**પ્રશ્નકર્તા :** ન્હોતું.

**દાદાશ્રી :** એવું, એની અસર થઇ છે. 'એને' સંયોગોની અસર થઇ છે.

**પ્રશ્નકર્તા :** કારણ વગર તો કંઇ થાય નહીં ને ?

**દાદાશ્રી :** ના, એ કારણમાં સંયોગ ભેગા થયા એટલે થયું. હવે સંયોગોથી મુક્ત થાય એટલે છૂટા.

**પ્રશ્નકર્તા :** એટલે જ્ઞાનની સામે સંયોગ આવ્યો ?

**દાદાશ્રી :** હા, આત્મા અને બીજા સંયોગો. (સ્વભાવિક) જ્ઞાન એ (મૂળ) આત્મા છે અને બીજા સંયોગો ભેગા થયા, એટલે ભ્રાંતિ ઉત્પન્ન થઇ.

**પ્રશ્નકર્તા :** એટલે સંયોગોનો સ્પર્શ એને થયો ?

**દાદાશ્રી :** સંયોગોનું દબાણ થયું. (એટલે વિશેષભાવ, 'હું', વ્યવહાર આત્મા ઊભો થયો.)

**પ્રશ્નકર્તા :** કારણ કે આત્માને તો કંઇ અસર થાય નહીં, છતાં કેમ અસર થઇ ?

**દાદાશ્રી :** થઇને અસર. (વ્યવહાર આત્માને) અસર થયા વગર રહે જ નહીં ને ! છતાં (મૂળ) આત્મા હતો તેવો ને તેવો જ છે. એ બિલીફમાં જ ફેર છે ખાલી.

**પ્રશ્નકર્તા :** કોની બિલીફમાં ફેર પડ્યો છે ? જ્ઞાનની બિલીફમાં ?

**દાદાશ્રી :** હા, (દબાણથી વિભાવ થવાથી જ્ઞાન વિભાવિક થયું એ.) જ્ઞાનની બિલીફમાં જ ફેર પડ્યો.

**પ્રશ્નકર્તા :** પણ જ્ઞાન એવી વસ્તુ છે કે એને શેનોયે સ્પર્શ થાય નહીં, એને કંઇ અસર થાય નહીં.

**દાદાશ્રી :** એને (સ્વભાવિક જ્ઞાન અને મૂળ આત્માને) અસર થઇ નથી. આ તો તમારી માન્યતામાં તમે (વ્યવહાર આત્મા એટલે 'હું') પોતે જુદા પડી ગયા છો.

**પ્રશ્નકર્તા :** પણ કોની માન્યતા તો પછી ?

**દાદાશ્રી :** 'તમારી' માન્યતા, રોંગ બિલીફ જ છે આ ખાલી. બીજું કશું નથી. આત્માને કશું થયું નથી. આ બિલીફ જ રોંગ થયેલી છે. તે બિલીફ રોંગ નીકળી જાય એટલે થઇ રહ્યું.

**પ્રશ્નકર્તા :** તો એવી રોંગ બિલીફ કરનાર કોણ ?

**દાદાશ્રી :** કોઇ કરનાર હોય નહીં, આ દબાણ. બે વસ્તુ પોતપોતાના સ્વભાવ જ બતાવે. બે વસ્તુ જોડે મૂકવાથી તીસરું જ ઉત્પન્ન થાય, પરિણામ. એ સાયન્ટિસ્ટો સમજે આ વાતને.

### કેવી કરામત સંયોગી પરમાણુઓની ?

આ બધા સંયોગોનું દબાણ છે. તેમાં આત્માને જરાક દબાણ થાયને ત્યારે એની અસર થાય, ઈફેક્ટ થાય. અન્‌ઈફેક્ટિવ (બિનઅસર કારક) હોવા છતાં ઈફેક્ટ થાય. ત્યારે આત્મા તો સ્વભાવિક જ્ઞાનની બહાર કોઇ દહાડો ગયો જ નથી, ક્રિયામાં તો ગયો જ નથી કોઇ દહાડોય. પણ પોતાનો સ્વભાવ જ્ઞાન-દર્શન છે, તે દર્શન વિભાવિક થયું.

આપણે ઘણા ફેરા નથી થતું, કે ચક્કર ચઢે ને પછી બેભાન થઇ જઇએ ? આંખો ઉઘાડી હોયને આપણને પૂછે, કે 'તમારું નામ શું ? તમારું નામ શું ?' તો કશી ખબર ના પડે. ત્યારે લોક કહે છેને, 'ભાન-બાન નથી.' તો આ એની અસરો આટલી બધી કરે છે, તો આ તો કેવડી મોટી અસર થયેલી છે ! આત્મા ઉપર કેવું દબાણ આવ્યું છે, ભયંકર બધા આવરણ લાવી નાખે એવું સંજોગોનું દબાણ. અને તે બધા સંયોગો પાછા કેવા છે ? જેવું ભગવાનનું (વિભાવિક) જ્ઞાન થાય તેવો ત્યાં આકાર થઇ જાય.

માત્ર દૃષ્ટિ જ ફરવાથી આટલું મોટું જગત ઊભું થઈ ગયું તો બીજી કેટલી બધી શક્તિઓ છે !

આ 'રોંગ બિલિફ'ની આટલી બધી અસરો થાય છે, તો 'રાઈટ બિલિફ'ની કેવી અસર થતી હશે !

## વિશેષભાવનું વધુ વિશ્લેષણ

**પ્રશ્નકર્તા :** વિશેષ પરિણામના વધારે દાખલા આપીને સમજાવોને, એટલે બધાને ગેડ બેસી જશે.

**દાદાશ્રી :** હા. આપણે દરિયા કિનારા આગળ, દરિયાથી અરધા એક માઈલ છેટે એક મકાન બાંધ્યું હોય, હવા ખાવા માટે અને ત્યાં આગળ એ મકાનમાં છે તે બે એક લોરીઓ નવેનવું લોખંડ ત્યાં નાખી આવીએ. પછી પેલા ચોકીદારને કહીએ કે 'ભઈ, આ લોખંડ જરા સાચવજે બરોબર.' પછી આપણે બે વરસ માટે ફોરેન (વિદેશ) ગયા. પણ બે વરસ પછી ત્યાં પાછા આવીએ ત્યારે લોખંડમાં કશો ફેરફાર લાગે ખરો ? લોખંડને કશી અસર થયેલી હોય ?

**પ્રશ્નકર્તા :** કટાઈ ગયેલું હોય.

**દાદાશ્રી :** કેમ ઉપર વરસાદ ના પડે એવી જગ્યા હોય, ઢાંકેલી જગ્યા હોય તોય ?

**પ્રશ્નકર્તા :** કાટ ખાઈ જાય.

**દાદાશ્રી :** હેં ! કેમ કરીને તમને આવું ભવિષ્યજ્ઞાન થઈ ગયું, કાટ લાગ્યાનું ? લોખંડ આવતાં પહેલાં પોતાને ભવિષ્યજ્ઞાન હોય, કારણ કે અનુભવ થયેલો છેને !

આ તે કાટ ચડી ગયો હવે, તે આ કાટ કોણે ચઢાવ્યો એ તમે મને કહો. સાબિત કરી આપો. આ કાટ કોનો અને કોની ઈચ્છાથી થયો ? આટલો આટલો કાટ ચઢી ગયો હોય ! આપણે કહીએ, 'મારું આ લોખંડ આવું નહોતું. મારું લોખંડ કોણે બગાડ્યું ? અને ગોડાઉનમાં કોણ પેસી ગયું'તું ?' આવી બૂમો પાડે તો શું કહે લોકો ?

**પ્રશ્નકર્તા :** દરિયાની ખારી હવાથી.

**દાદાશ્રી :** હા, તે પણ એ કોણે કર્યું એ કહો ને ! દરિયાના પવને કર્યું કે દરિયાએ કર્યું કે લોખંડે કર્યું ?

**પ્રશ્નકર્તા :** જે એને મૂકી આવ્યો તેણે.

**દાદાશ્રી :** એણે કર્યું આ ?

**પ્રશ્નકર્તા :** લોખંડ ના મૂક્યું હોય તો ના થાત.

**દાદાશ્રી :** જગતના લોકો એને પકડે છે. 'તે મૂઆ આ અહીં નાખ્યું શું કરવા ? તેથી કટાઈ ગયું.' એવું નથી. આ જગતના લોકોને ભ્રાંતિવાળાને એક્ઝેક્ટ ખોળી કાઢવું હોય કે કોણ ગુનેગાર છે, તો ?

**પ્રશ્નકર્તા :** જે માણસ મૂકી આવ્યો તે ગુનેગાર નથી ?

**દાદાશ્રી :** એ તો આપણા જ લોકો. આંખે દેખેલું હોય એ આંખે દેખ્યો પુરાવો છે, દાર્શનિક પુરાવો છે એ. દાર્શનિક પુરાવો ના ચાલે. સાયન્ટિફિક એવિડન્સ ખરેખરો, એક્ઝેક્ટ જોઈએ. દાર્શનિક પુરાવો સંસારના લોકોને જોઈએ કે કોર્ટમાં જોઈએ, અહીં તો એક્ઝેક્ટનેસ જોઈએ. તમે તો નોકરને કાઢી મેલો ઝટ. એ કંઈ ચાલે નહીં. સાયન્ટિફિક, વૈજ્ઞાનિક રીતે તપાસ કરવી જોઈએ બરોબર કે ભઈ, કોણે કર્યું આ ? કોણે કાટ ચડાવ્યો ? હુ ઈઝ રિસ્પોન્સિબલ ? (કોણ જવાબદાર છે) બોલો ! હું તો એવું જાણતો પણ નથી, કે દરિયા કિનારે નાખીએ તો કાટ ચઢે જ.

એટલે પછી આપણે પેલા ચોકીદારને ટૈડકાવીએ કે 'અલ્યા, આ શું કર્યું લોખંડનું બધું ? આ લોખંડ કેવું ચોખ્ખું હતું, આ હાથ કશા બગડે નહીં ને આ શું થયું ? ઉપર શું ચોટાડ્યું છે તે ?' ત્યારે ચોકીદાર કહેશે, 'હું શું કરું સાહેબ, મેં કશું નથી કર્યું. તમે મને શું કરવા વઢો છો પણ ? એ તો અહીં નાખ્યું એટલે

એને કાટ ચઢે જ.' 'અરે, પણ કાટ કોણે ચઢાવ્યો ?' પછી તપાસ કરીએ કે આ કોનો ગુનો છે ? ત્યારે આપણને આજુબાજુવાળા લોકો કહેશે કે આ દરિયા કાંઠે નાખ્યું તેથી.

એટલે આપણે ખારી હવાને કહીએ કે 'અમારા લોખંડને તેં શું કામ બગાડ્યું ? અમે તારું શું નુકસાન કર્યું છે ?' ત્યારે ખારી હવા કહે, 'હું ક્યાં બગાડું છું ? મને શું કરવા વગર કામના આક્ષેપો આપ્યા જ કરો છો ? મારામાં બગાડવાના ગુણ જ નથી. હું તો મારા સ્વભાવમાં રહું છું, મારે શું લેવાદેવા ? જો મારામાં બગાડવાના ગુણ હોત, તો હું કાયમ વહ્યા કરું છું પણ બધા લાકડાં-બાકડાંને કશું થતું નથી. એ તો લોખંડ એવું હશે તેથી થાય, તેમાં અમારો શો દોષ ?' એણેય દરિયાની પેઠ જવાબ આપ્યો કે 'તમારું આ લોખંડ એકલું જ આવું બૂમો પાડે છે, બીજું કોઈ બૂમ પાડતું નથી. એ તમારું લોખંડ જ એવું હોય, તો હું શું કરું ? આ બીજા કોઈને અસર થતી નથી. તમારા લોખંડના આધારે અસર થાય છે. એ તે અમારો દોષ નથી, તમારા લોખંડનો દોષ હશે. તમે ખોટા અમારી પર શું કરવા ચોંટી પડો છો !' તો પછી એ ગુનેગાર ઠરતી નથી, ખારી હવા. ત્યારે આપણે પછી કહીએ કે બહારનો કોઈ ગુનેગાર લાગતો નથી.

એટલે સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ. આ કાટ કંઇ લોખંડે કર્યો નથી. બાકી, લોખંડને કટાવાનો સ્વભાવ નથી. જો કટાવાનો સ્વભાવ હોય તો આરસીસીની અંદર લોખંડ પડેલું હશે, તે સો વરસે કાઢો તો એવા ને એવા સળિયા હોય ? એનો સ્વભાવ નથી એવો. આ બીજા તત્ત્વો એને ભેગા મળી આવે તો ? આરસીસીમાં છે ને, એને તોડોને ? અમે તોડેલા. પચાસ વરસ પહેલા નાખેલા સળિયા તોડેલા. એક્ઝેક્ટ આમ આજ વેચાતા લેવા જાઓ એવા, હં... તમને સમજાયું આ ઉપરથી, હું શું કહેવા માગું છું તે ? કોઈ ગુનેગાર લાગે છે ?

**પ્રશ્નકર્તા :** કોઈ ગુનેગાર આમ દેખાતો નથી.

**દાદાશ્રી :** છતાંય લોખંડને કાટ દેખાય છે. એ રીતે જગત ઊભું થયું છે.

### કાટ એ જ અહંકાર

જેમ લોખંડમાં કાટ થયો, કોઈએ કર્યો નથી, એવી રીતે આમાં 'હું કર્તા છું' એવી ભ્રાંતિ ઉત્પન્ન થઈ છે. આ આત્મા તો તેની તે જ દશામાં છે. આત્મા તમારામાં જે છે ને, એ તો મુક્ત દશામાં જ છે. આ આત્મા એ તો પરમાત્મા છે. એને કશું અજ્ઞાનતા થઈ નથી. આ વિશેષ ગુણ ઉત્પન્ન થયો છે. છતાં આત્મામાં કંઇ ફેરફાર થયો નથી.

**પ્રશ્નકર્તા :** આ જે તમે દાખલો આપ્યો છે એ આત્માની જોડે કેવી રીતે બંધ બેસે છે ?

**દાદાશ્રી :** આ આત્માની જોડે આ જડ તત્ત્વ છે. એ બે ભેગા થયા ને, તે આ અહંકાર ઊભો થઈ ગયો છે.

**પ્રશ્નકર્તા :** એને જ કાટ કહેવાય ?

**દાદાશ્રી :** હા, પેલો જેમ કાટ ઊભો થયો છે, એવો આ અહંકાર ઊભો થયો છે. એ અમે અહંકાર કાઢી આપીએ એટલે પાછો રાગે થઈ જાય. અમે દવા ચોપડીને (આત્મજ્ઞાન આપીને) અહંકાર કાઢી આપીએ તે થઈ ગયું, કમ્પ્લીટ થઈ ગયું. પછી ચિંતા-વરીઝ કશું ના થાય.

**પ્રશ્નકર્તા :** આ દૃષ્ટાંતમાં લોખંડને આત્માનું પ્રતિક ગણો છો ને ?

**દાદાશ્રી :** હા, એટલે આ જે ઉપર બાઝ્યું છે, એ વિશેષભાવ ઉત્પન્ન થયો છે.

**પ્રશ્નકર્તા :** જે વિશેષભાવ આખો સંસાર છે, તો અનુસંધાન તો એટલું હોવું જોઈએ કે આ હું પોતે તે નથી. વિશેષભાવ મારું સ્વરૂપ નથી, મારું પેલું શુદ્ધ સ્વરૂપ છે.

**દાદાશ્રી :** એને કશું અડ્યું જ નથી. આપણે આ આત્મજ્ઞાન આપીએ છીએ એટલે ચોખ્ખો થઈ જાય છે. પછી કાટ એય મારું સ્વરૂપ નથી ને આ સંજોગોય મારું સ્વરૂપ નહીં. અહંકાર ભાંજગડ કરતો બંધ થઈ ગયો ને ! અહંકારથી જગત ઊભું થયું છે અને આત્મજ્ઞાન પછી અહંકાર બંધ થઈ જાય, એ અહંકાર જતો રહે છે. આ તો તમારો આ ભરેલો (ડિસ્ચાર્જ) અહંકાર બોલે છે, એને તમે સાચો અહંકાર માનો છો.

વિશેષભાવમાં અહંકાર ઊભો થયો, પછી એમાંથી પ્રકૃતિ ઊભી થાય છે. લોખંડ લોખંડના ભાવમાં છે, પ્રકૃતિ પ્રકૃતિના ભાવમાં છે. આ બે છૂટાં પાડો તો લોખંડ લોખંડની જગ્યાએ છે, પ્રકૃતિ પ્રકૃતિમાં છે. જ્યાં સુધી એકાકાર છે ત્યાં સુધી કાટ વધ્યા જ કરવાનો, દિવસે દિવસે.

આ મૂળ પુરુષ (આત્મા)ને કશું જ થતું નથી. 'પોતે' (હું) પોતાનો સ્વભાવ ભૂલ્યો, પોતાનું ભાન ભૂલ્યો છે. એ જ્યાં સુધી પોતાની જાગૃતિમાં ના આવે ત્યાં સુધી 'એ' પ્રકૃતિભાવમાં રહ્યા કરે. પ્રકૃતિ એટલે પોતાના સ્વભાવની અજાગૃતિ અને ભ્રાંતિની જાગૃતિ, એ પ્રકૃતિ કહેવાય.

### ભોગવવાની માત્ર માન્યતા

**પ્રશ્નકર્તા :** દાદા, લોખંડ એ તો સ્થૂળ વસ્તુ છે, એનામાં કોઈ શક્તિ નથી, જ્યારે આત્મા તો સર્વ શક્તિશાળી છે, એને કેવી રીતે કાટ લાગી શકે ?

**દાદાશ્રી :** એ સર્વ શક્તિમાન સ્વભાવમાં નથી આવ્યો. બીજા સંયોગોના દબાણમાં છે ને ! તેથી કરીને પોતાનો ગુણધર્મ ખોયો નથી. વિશેષ ગુણધર્મ ઉત્પન્ન થયો છે અને તેમાંથી ઈગોઈઝમ (અહંકાર) નામનું ઊભું થયું. દુઃખ ભોગવે છે કોણ ? ઈગોઈઝમ ભોગવે છે. સુખ કોણ ભોગવે છે ? ઈગોઈઝમ ભોગવે છે. આમાં આત્મા કશું હાથ જ નથી ઘાલતો. બધું આ ઈગોઈઝમ ભોગવે છે. ઈગોઈઝમ બુદ્ધિની સલાહથી ચાલે છે.

હવે ખરી રીતે અહંકાર સુખેય ભોગવતો નથી ને દુઃખેય ભોગવતો નથી, એ તો અહંકાર જ કર્યા કરે છે.

**પ્રશ્નકર્તા :** જેમ લોખંડમાં કાટ ચઢી ગયો તે રીતે...

**દાદાશ્રી :** કાટ ચઢ્યો તે તો આત્માનો. આત્માને જોડે લાગેવળગે. આત્મા લોખંડ હોયને તો આ અહંકાર એ કાટ. પણ હવે અહંકાર જે કહે છે કે 'મેં ભોગવ્યું', તે એણે ભોગવ્યું જ નથી, આ તો ઇન્દ્રિયોએ ભોગવ્યું છે અને પોતે અહંકાર કરે છે કે 'મેં ભોગવ્યું છે.' તેથી કૃષ્ણ ભગવાને કહ્યું છે કે 'ઇન્દ્રિયો, ઇન્દ્રિયોમાં વર્તે છે, તું શા માટે અહંકાર કરે છે ?' સ્વભાવથી વર્તે છે પાછી. આ નહીં સમજવાનો માર ખા ખા કરે છે વગર કામનો. નથી કૃષ્ણ ભગવાનને સમજતા, નથી મહાવીર ભગવાનને સમજતા. એ વાત ખરી કહે છેને ! એટલે વાત સમજવાની જરૂર છે.

કાટ ઉત્પન્ન થયા પછી લોખંડ લોખંડનું કરે છે ને કાટ કાટનું. લોખંડ કાટમાં હાથ ઘાલતું નથી, એ કાટ લોખંડમાં હાથ ઘાલતો નથી. એવું આમાં છે. આમાં શું કાટ ચઢે છે ? ત્યારે કહે, 'અહંકાર (મૂળ અહં) ને મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર, અંતઃકરણરૂપી કાટ ચઢી જાય છે. તે એ એનું કાર્ય કર્યા કરે છે. આત્મા આત્માનું કાર્ય કર્યા કરે છે. જ્યાં સુધી આ (અંતઃકરણનું) કાર્ય હોય ત્યાં સુધી આત્મા આયડલ (ઉદાસીનપણે) પ્રકાશ જ આપ્યા કરે. અંતઃકરણના કામ બધા પૂરા થાય ત્યારે આત્માનું કામ શરૂ થાય. અગર તો અંતઃકરણ ચાલુ હોય અને જ્ઞાની મળ્યા હોય અને તે કહે, 'અલ્યા, તું આ ન્હોય, તું આને જો.' તો જોવાનું ચાલુ થઈ જાય. એ જુદો પડી ગયો. આ તમે 'ચંદુભાઈ* શું કરી રહ્યા છે', એને જોયા કરો તો એ જ્ઞાન કેવળજ્ઞાનમાં પહોંચે.

* ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

જીવને વિનાશી ચીજોમાં શ્રદ્ધા છે. વિનાશી ચીજોનો જ એને ભોગવટો છે ને પરમેશ્વરને અવિનાશી ચીજમાં શ્રદ્ધા છે, અવિનાશીનો જ ભોગવટો છે.

## જડ-ચેતન વચ્ચે અસરો

**પ્રશ્નકર્તા :** આ માનવ છે એ પણ આત્માનો વિશેષભાવ છે ?

**દાદાશ્રી :** વિશેષભાવ જ છે બધું !

**પ્રશ્નકર્તા :** એટલે આ બધું ચેતન અને જડ બેઉ એક જ છે ?

**દાદાશ્રી :** ના, એક તો હોતું હશે ? આ તો જડની અસર ચેતન ઉપર પડી છે અને ચેતનની અસર જડ ઉપર પડી છે. તે જડ ચેતનવાળું થઈ ગયું અને ચેતન જડવાળું થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** ચેતન જડવાળું થઈ શકે ?

**દાદાશ્રી :** જડવાળું એટલે એટલી અસર જ થયેલી છે ખાલી, ખરેખર તેમ થયું નથી. ખરેખર તો આ જડને થયું છે. ખરેખર જડને અસર થઈ. ચેતનને ખરેખર અસર થઈ નથી, પણ ચેતનની બિલીફમાં અસર રહી છે. ફક્ત બિલીફ જ બદલાયેલી, એ રોંગ બિલીફ બેઠી છે.

**પ્રશ્નકર્તા :** હવે જડના જે પર્યાયો છે એની સરખામણીમાં આ જે ચેતનના જે પર્યાયો છે એ કેવા જતા હશે અને કેવી રીતે એની અસરો થતી હશે ?

**દાદાશ્રી :** કશું અસરો નહીં થાય. પેલા દૃશ્ય રૂપે છે અને આ દ્રષ્ટા રૂપે છે, એકના એક જ જાતના. પેલા જ્ઞેય રૂપે છે અને આ જ્ઞાતા રૂપે છે. ફિલ્મમાં જડ વસ્તુ આવે અને જોનાર ચેતન હોય. અને વસ્તુ તો એક જ ને બેઉ સ્પર્શ એક જ જાતનાને ! જો આત્માના પર્યાય ના બદલાતા હોય તો જ્ઞાતા-દ્રષ્ટા શી રીતે થાય 'પેલો' ? દૃશ્ય બદલાયા કરે એટલે પછી આત્માના પર્યાય બદલાય.

## પરમાણુની અસરોમાં 'આત્મા' ભિન્ન

**પ્રશ્નકર્તા :** આત્મ તત્ત્વ ને જડ તત્ત્વને કોઈ દિવસ ઘર્ષણ થાય ?

**દાદાશ્રી :** બે જીવંત વસ્તુને ઘર્ષણ થાય.

આમાં એક ચેતન ને એક જડ, પુદ્ગલ. આપણે જડને માર માર કરીએ તો મારનારને વાગે, એવી રીતે આ (વ્યવહાર) આત્માને વાગે છે બધું.

**પ્રશ્નકર્તા :** પણ એ મારે એટલે મારવાથી જડને અસર તો થાય ને ?

**દાદાશ્રી :** અસર થાય પણ જે ચેતન હોય તેને સમજણ પડે ને ! નહીં તો લોઢું ટીપ ટીપ કરો તો લોઢાના બાપનું શું જાય ? ટીપનાર થાકશે.

**પ્રશ્નકર્તા :** પણ લોઢાને વાગવાથી એની, એની કંઈક...

**દાદાશ્રી :** ના, એવું કશું નહીં. એને આત્મા ક્યાં મારે છે, લોઢાને લોઢું મારે છે. ત્યારે લોઢાને મારનાર કોણ ? ત્યારે કહે, આ તેનું તે જ પુદ્ગલ, એમાં આત્મા ભળતો જ નથી. આત્માનો ભાવ એકલો જ ભળે છે. બધા એના હથિયારથી જ બધું થઈ રહ્યું છે પણ એમાં ચેતન નથી એટલે પાછું જોખમદારી નથી ને ! આ આખે આખી દુનિયા રૂપી દેખાય છે એ બધી જ પરમાણુની છે, એમાં આત્મા નથી. આ સંત પુરુષો બધા ફરે છે ને, એમાં આત્મા જ નથી. એમાં આત્મા જે છે તે તદ્દન જુદો, એમને (પોતાને) ખ્યાલેય નથી કે આત્મા ભીતર ક્યા કર રહા હૈ ? એ તો એમ જ જાણે છે કે 'વાત કરે છે, બધું કરે છે, એ જ ચેતન છે.' આ તો પાવર ચેતન છે, મૂઆ.

**પ્રશ્નકર્તા :** તો શુદ્ધ ચેતનને દેહની જરૂર ખરી, પુદ્ગલની જરૂર ખરી ?

**દાદાશ્રી :** કેમ ?

**પ્રશ્નકર્તા :** કારણ કે ચેતન એકલું ન રહી શકે, તો પુદ્ગલની જરૂર ખરીને ?

**દાદાશ્રી :** એને જરૂર હોય, તો એ ભિખારો કહેવાય. એવો ભિખારી નથી એ. એ તો પુદ્ગલને લઈને ક્ષેત્ર પોતાનું જ્યાં નથી, ત્યાં રહેવું પડે છે. એ પુદ્ગલ એનું છૂટી ગયું, એની બહાર નીકળી ગયો એટલે થઈ રહ્યું. આ સાયન્ટિફિક ઈફેક્ટમાં આવી ગયા છે, સરકમસ્ટેન્શિયલ એવિડન્સમાં. આ બધા છ તત્ત્વો ફર્યા કરે તેમ આ બે તત્ત્વો મેટર (જડ) અને સૉલ (ચેતન) સાથે આવે, તો એનાથી ફેરફાર થઈ જાય.

## સંજોગોના દબાણે ઉદ્ભવી અસરો

આ તો આત્માને એવા સંજોગ ભેગા થયા છે. આ જેમ અત્યારે આપણે અહીં બેઠા છીએ ને બહાર નીકળીએ તો એકદમ ધુમ્મસ વરસે તો તમે ને હું સામસામે પણ ના દેખાય. એવું બને કે ના બને ?

**પ્રશ્નકર્તા :** હા, બને.

**દાદાશ્રી :** હા, તે ધુમ્મસ પડે છે તેથી દેખાતું બંધ થઈ જાય છે. એવું આ આત્માને સંજોગોરૂપી ધુમ્મસ પડેલું છે, એટલા બધા સંજોગો ઊભા થાય છે. અને પેલા ધુમ્મસ કરતાં તો આ અનંત જાતના પડ છે. એ એટલા બધા ભયંકર આવરણો છે, તે એને ભાન થવા દેતું નથી. બાકી, આત્મા કશું આવ્યોય નથી ને ગયોય નથી. આત્મા પોતે જ પરમાત્મા છે ! પણ ભાન જ થવા દેતું નથી, એય અજાયબી છે ને ! અને એ 'જ્ઞાની'એ જોયેલું છે, જે છૂટા થયા છે એમણે જોઈ લીધું છે.

અત્યારે પણ પોતે પરમાત્માપદમાં જ છે, પણ એને ભાન નથી. આ સંજોગોના 'પ્રેશર' (દબાણ)ને લઈને ભાન જતું રહ્યું છે. અત્યારે કોઈ 'કલેક્ટર' હોય, પણ ભાન જતું રહ્યું હોય ત્યારે આપણે પૂછીએ કે 'તમે કોણ છો ?' પણ એને પોતાનું ભાન ના હોય તો શું જવાબ આપે ? અહીં જીવતા માણસને ભાન જતું રહે છે ને ? એવું આ ભાન બિલકુલ જ નથી રહ્યું. લોકોએ જેમ કહ્યું તેમ અસરો થતી ગઈ, થતી ગઈ ને તે પ્રમાણે માન્યું છે બધું.

જેમ એક માણસને અહીં આગળ દહાડે પુસ્તક વાંચ્યું હોય અને એમાં ભૂતની વાત કંઈ વાંચવામાં આવી હોય અને રાતે એકલો હોય ને રૂમમાં સૂવા ગયો અને બીજી રૂમમાં ઉંદરડાએ કંઈક પ્યાલો ખખડાવ્યો કે તરત આય ફફડે. હવે એ જ્યારથી એને ભૂત મનમાં પેઠું, તે નીકળે નહિ ત્યાં સુધી એને ભૂતની અસર રહ્યા કરે, એવી આ અસરો છે.

## ઈફેક્ટિવ, મન-વચન-કાયા

આ દેહ છે તે આત્માની અજ્ઞાનતાથી ઊભું થયેલું પરિણામ છે. જે જે 'કૉઝીઝ' કર્યા, તેની આ 'ઈફેક્ટ' છે. કોઈ તમને ફૂલ ચઢાવે તો તમે ખુશ થઈ જાવ અને તમને ગાળ દે એટલે તમે ચીઢાઈ જાવ. તે ચીઢાવામાં ને ખુશ થવામાં બાહ્ય દર્શનની કિંમત નથી, અંતરભાવથી કર્મ ચાર્જ થાય છે. તેનું પછી આવતે ભવે ડિસ્ચાર્જ થાય છે, તે વખતે તે 'ઈફેક્ટિવ' છે. આ મન-વચન-કાયા ત્રણેય 'ઈફેક્ટિવ' છે. 'ઈફેક્ટ' ભોગવતી વખતે બીજા નવા કૉઝીઝ ઊભા થાય છે. જે આવતા ભવે પાછા 'ઈફેક્ટિવ' થાય છે. આમ 'કૉઝીઝ' એન્ડ 'ઈફેક્ટ', 'ઈફેક્ટ' એન્ડ કૉઝીઝ એમ ઘટમાળ નિરંતર ચાલ્યા જ કરે છે.

આ મન-વચન-કાયા જન્મથી જ ઈફેક્ટિવ છે. ઈફેક્ટિવ કેવી રીતે ? જો સવારે કોઈએ કહ્યું હોય કે તમારામાં અક્કલ નથી તો રાત્રે દસ વાગ્યેય ઊંઘવા ના દે અને ઈફેક્ટ (અસર) ચાલુ થઈ જાય. તે શાથી ? ત્યારે કહે, મન ઈફેક્ટિવ છે તેથી. બીજું વાણી તો પ્રત્યક્ષ ઈફેક્ટિવ છે. જો કોઈને એક ગાળ ભાંડી એટલે તરત જ ખબર પડી જશે. અને ત્રીજો આ દેહ પણ ઈફેક્ટિવ છે. ઠંડીમાં ઠંડી લાગે,

ગરમીમાં ગરમી લાગે. તે જન્મથી જ ઈફેક્ટિવ છે. તુર્ત જ જન્મેલા બાળકને ઠંડીમાં ઓઢાડેલું કપડું જો ખસી જાય તો તેય રડવા માંડે અને પાછું ફરી ઓઢાડે તો ચૂપ થઈ જાય. મોઢામાં ગળ્યું મૂકે તો ચાટવા માંડે ને કડવું મૂકે તો મોઢું બગાડે.

## ઈફેક્ટ કુદરતી એમાં અહંકાર શાને ?

તે આ બધી ઈફેક્ટ છે. તમે વકીલાત કરો, એ બધી ઈફેક્ટ (પરિણામ) છે. ઈફેક્ટમાં અહંકાર ના કરાય કે 'મેં કર્યું.' ઈફેક્ટ તો એની મેળે જ આવે. આ પાણી નીચે જાય, એ પાણી એમ ના બોલે કે 'હું જઉં છું', તે દરિયા તરફ ચારસો માઈલ આમ તેમ ચાલીને જાય જ છે ને ! અને મનુષ્યો તો કોઈનો કેસ જીતાડી આપે તો 'મેં કેવો જીતાડી આપ્યો', બોલે. હવે એનો પોતે અહંકાર કર્યો, તે કર્મ બંધાયું, કૉઝ થયું. એનું ફળ પાછું ઈફેક્ટમાં આવશે.

## ઈફેક્ટનું કારણ કૉઝ

આ બધું જ ઈફેક્ટિવ, અસરો માત્ર છે. અરે, ગર્ભમાંય ઈફેક્ટિવ હોય છે. તેનો મેં જાતે જોયેલો દાખલો આપું.

આ વાત પચાસ વર્ષ ઉપરની છે. અમારા ભાદરણ ગામમાં એક બાઈને આઠેક માસનો ગર્ભ હશે. રસ્તે જતાં તેને ગાયે શીંગડું માર્યું અને તે શીંગડું ગર્ભાશયમાં જઈને વાગ્યું અને મહીંથી બચ્ચાની નાની આંગળી થોડી બહાર નીકળી ગઈ. કેટલાક ડૉક્ટરો બોલાવ્યા. તે વખતે મિશનરીના ડૉક્ટરોને મોટો પ્રશ્ન થઈ પડ્યો. બાઈની સ્થિતિ ગંભીર થવા માંડી. એટલામાં ગામનાં એક ૭૦-૮૦ વરસના ડોશીમાએ જાણ્યું. તે લાકડી ઠોકતાં ઠોકતાં આવી પહોંચ્યા. તેમણે બધાને કહ્યું 'તમે બધા હવે આઘા ખસી જાવ ને નિરાંતે બેસી જાવ અને ભગવાનનું નામ લો ને જોયા કરો.' માજીએ તો સોય લીધી અને અણી જરાક ગરમ કરી. અને બહાર નીકળેલી આંગળીને જરાક અડાડી કે તુર્તજ આંગળી અંદર પેસી ગઈ ! અંદરના બચ્ચાને ઈફેક્ટ થઈ, તે એણે આંગળી મહીં ખેંચી લીધી !

ઈફેક્ટ છે તો કૉઝ અવશ્ય હોવા જ જોઈએ. કૉઝીઝ છે તો ઈફેક્ટ છે અને ઈફેક્ટ છે તો કૉઝીઝ હોવા જ જોઈએ. એમ કૉઝીઝ અને ઈફેક્ટ, ઈફેક્ટ અને કૉઝીઝની ઘટમાળ ચાલ્યા જ કરે છે.

અહંકાર પહેલો થાય છે ને ત્યાર પછી આ શરીર બંધાય છે. ગીતાએ ખરું કહ્યું છે કે પહેલો અહંકાર થાય છે અને ત્યાર પછી આ પરિણામ થાય છે. અહંકારથી કર્મ બંધાય છે અને આ મન-વચન-કાયા એ બધું ફળ છે. અહંકાર કૉઝીઝ છે ને આ મન-વચન-કાયા ઈફેક્ટ છે.

**પ્રશ્નકર્તા :** ધેન ઈગોઈઝમ ઈઝ ધી ફન્ડામેન્ટલ કૉઝ (તો પછી અહંકાર મૂળ પાયાનું કારણ છે) ?

**દાદાશ્રી :** ફન્ડામેન્ટલેય નથી. એ તો આ તમારું ઊભું થયેલું કૉઝ છે. કૉઝીઝ એન્ડ ઈફેક્ટ, ઈફેક્ટ એન્ડ કૉઝીઝ (કારણ ને પરિણામ, પરિણામ ને કારણ) હવે આ લિંક (શૃંખલા) તોડી નાખે તો મોક્ષ થાય. તો શું આમાંથી તોડી નાખવું જોઈએ, બેઉમાંથી ? કયો ભાગ કાઢી નાખશે ?

**પ્રશ્નકર્તા :** કૉઝ કાઢી નાખવાના.

**દાદાશ્રી :** હા, કૉઝ કાઢી નાખવાના. ઈફેક્ટ તો કોઈથી બદલાય નહીં. હવે કૉઝીઝ કેવી રીતે કાઢી નાખીએ ?

**પ્રશ્નકર્તા :** કર્મથી રહિત થઈ જાવ એટલે.

**દાદાશ્રી :** નહીં, કર્મના કર્તા ના થવું જોઈએ. અકર્તાભાવ ઉત્પન્ન થવો જોઈએ. એને પોતાના અનુભવમાં આવવું જોઈએ કે હું કરતો નથી.

## પૂર્વભવના કૉઝની ઈફેક્ટ

**પ્રશ્નકર્તા :** આ અહંકાર ઉપર પૂર્વભવની અસરો ખરી ?

**દાદાશ્રી :** પૂર્વભવની જ અસરો છે આ. આ ભવની અસર નથી. અહંકાર ઓછો-વધતો દેખાય છે એ બધો ડિસ્ચાર્જ સ્વરૂપ છે. એ નવો થયેલો નથી. નવો ચાર્જ તો મહીં થઈ રહ્યો છે. આ જૂનો અહંકાર જે દેખાય છે એ ડિસ્ચાર્જ થઈ રહ્યો છે. માટે પોતાને આજે ધાર્યું હોય એવો ફેરફાર કરી શકાય નહીં.

જ્યાં અહંકાર ત્યાં ભમરડો. તમે શુદ્ધાત્મા કહેવાઓ, એટલે તમે ભમરડા સ્વરૂપ ના કહેવાઓ. અને આ ચંદુભાઈ ભમરડો પાછો ! પણ જે અત્યાર સુધી ભૂલ કરેલી છે તેના પરિણામ રહ્યા. એટલે આ પરિણામી અહંકાર છે એ કાર્ય કર્યા કરે એ. એમાં તમને કોઈ નુકસાન કરનાર છે નહીં. અજ્ઞાને કરીને અહંકાર ઊભો હોય, તે અજ્ઞાન જાય કે અહંકાર જાય.

## કારણ-કાર્યની શૃંખલા

મનુષ્ય જન્મ એકલામાં જ 'કૉઝીઝ' બંધ થઈ શકે એમ છે. બીજી બધી ગતિમાં તો ખાલી 'ઇફેક્ટ' જ છે. અહીં 'કૉઝીઝ' એન્ડ 'ઇફેક્ટ' બન્ને છે. અમે જ્ઞાન આપીએ છીએ, ત્યારે કૉઝીઝ બંધ કરી દઈએ છીએ. પછી નવી 'ઇફેક્ટ' થાય નહીં.

**પ્રશ્નકર્તા :** 'ઇફેક્ટિવ' રહેવું એ સારું છે કે 'ઇફેક્ટિવ' મટી જાય એ સારું છે ?

**દાદાશ્રી :** એમ મટાડીએ તો તો આ બધા લોકોને કશાની જરૂર જ ના રહે. જરાક દવા ચોપડીએ કે મટી જાય. ટાઢ ના વાય, તાપ ના લાગે, એટલે પંખા, કપડાં કશાની જરૂર ના રહે.

**પ્રશ્નકર્તા :** આ જન્મ-મરણના કારણની જે 'ઇફેક્ટ' છે, તે નીકળી જાય એ સારું કે રહે તો સારું ?

**દાદાશ્રી :** 'ઇફેક્ટ' કોઈ દહાડોય એમ નીકળી ના જાય. 'ઇફેક્ટ' એટલે પરિણામ. પરિણામને ખસેડી ના શકાય પણ 'કૉઝીઝ'ને બંધ કરી શકાય.

**પ્રશ્નકર્તા :** એ કાર્ય-કારણ ભાવનું છે ?

**દાદાશ્રી :** હા, 'ઈફેક્ટ' એ કાર્ય છે અને કાર્યમાં ફેરફાર ના થાય. આ જે 'ઇફેક્ટ' છે એ 'ડિસ્ચાર્જ' છે અને મહીં 'ચાર્જ' થયા કરે છે. 'ચાર્જ' એ બંધ કરી શકાય. 'ડિસ્ચાર્જ' બંધ ના કરી શકાય.

## અવિરોધાભાસી અસરોના સિદ્ધાંત

ઈફેક્ટ તમે સમજી ગયા ? એની મેળે થયા જ કરે તે ઈફેક્ટ. આપણે પરીક્ષા આપીએ ને, એ કૉઝ કહેવાય. પછી પરિણામની ચિંતા આપણે કરવાની ન હોય. એ તો ઈફેક્ટ છે. તે જગત આખું ઈફેક્ટની ચિંતા કરે છે. ખરેખર તો કૉઝ માટે ચિંતા કરાય !

આ વિજ્ઞાન તને સમજાયું ? વિજ્ઞાન સૈદ્ધાંતિક હોય, અવિરોધાભાસ હોય. તેં બિઝનેસ (ધંધો) કર્યો ને બે લાખ કમાયો, તે કૉઝ છે કે ઈફેક્ટ ?

**પ્રશ્નકર્તા :** કૉઝીઝ છે.

**દાદાશ્રી :** કેવી રીતે કૉઝીઝ તે મને સમજાવ ? ધાર્યા પ્રમાણે કરી શકે ?

**પ્રશ્નકર્તા :** તમે બિઝનેસ કરો અને જે થવાનું છે એ થવાનું છે, એ ઈફેક્ટ થાય. પણ બિઝનેસ કરવા માટે કૉઝીઝ તો કરવા પડે ને ? તો બિઝનેસ કરી શકીએને ?

**દાદાશ્રી :** ના, કૉઝીઝમાં રિલેટિવ વસ્તુ ના વપરાય બીજી. બિઝનેસ તો શરીર સારું હોય, મગજ સારું હોય, બધું હોય ત્યારે થાય ને ! બધાના આધારે જે થતું હોય, એ ઈફેક્ટ અને જે માણસ સૂતો સૂતો 'આનું ખરાબ થશે, આમ થશે.' એ (વિચારણા) કરે એ બધું કૉઝીઝ. કારણ કે એમાં આધાર કે કોઈ ચીજની જરૂર નથી.

**પ્રશ્નકર્તા :** આપણે જે બિઝનેસ કરીએ છીએ, તો એ ઈફેક્ટ કહેવાય ?

**દાદાશ્રી :** ઈફેક્ટ જ કહીએ છીએ ને ! બિઝનેસ એ ઈફેક્ટ જ છે. પરીક્ષાનું પરિણામ આવે, એમાં કશું કરવું પડે ? પરીક્ષામાં કરવું પડે, એ કૉઝીઝ કહેવાય. કંઈ કરવું પડે, પણ પરિણામમાં તે કંઈ કરવું પડે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** એમ આમાં કંઈ કરવું ના પડે. એ બધું થયા જ કરે. આપણું શરીર બધું વપરાય અને થયા જ કરે, કૉઝમાં તો પોતાને કરવું પડે. કર્તાભાવ છે એ કૉઝ છે, બીજું બધું ઈફેક્ટ છે. ભોક્તાભાવ એ કૉઝ છે.

**પ્રશ્નકર્તા :** જે ભાવ એ બધા કૉઝીઝ, બરાબર ?

**દાદાશ્રી :** હં. જ્યાં બીજા કોઈની હેલ્પની જરૂર નહીં. તમે રસોઈ બનાવો ફર્સ્ટ કલાસ, તે બધી જ ઈફેક્ટ છે. અને એની મહીં તમે ભાવ કરો કે 'કેવી સરસ રસોઈ મેં બનાવી, કેવી સરસ બનાવી !' એ ભાવ તમારો કૉઝ. જો ભાવ ન કરો તો બધું ઈફેક્ટ જ છે. સાંભળી શકાય, દેખી શકાય એ બધી ઈફેક્ટ. કૉઝીઝ દેખી ના શકાય.

**પ્રશ્નકર્તા :** તો પાંચ ઈન્દ્રિયથી જે બધું થાય એ ઈફેક્ટ ?

**દાદાશ્રી :** હા, એ બધી ઈફેક્ટ છે. આખી લાઈફ (જિંદગી) જ ઈફેક્ટ છે. એની મહીં જે ભાવ થાય છે એ ભાવ કૉઝ છે અને ભાવનો કર્તા હોવો જોઈએ. એ તો જગતના લોકો કર્તા છે.

કર્મ બંધાતા અટકી ગયા એટલે થઈ ગયું. એવું તમને સમજાય ખરું ? તમને કર્મ બંધાતા અટકતા હશે ? કોઈ દહાડો જોયું છે એ ? શુભમાં પડો તો શુભ બંધાય, નહીં તો અશુભ તો હોય છે જ. કર્મ છોડે જ નહીં ! અને 'પોતે કોણ છે, આ બધું કોણ કરે છે' તે બધું જાણે, પછી કર્મ બંધાય જ નહીં ને !

## કૉઝનું કૉઝ, અજ્ઞાનતા

આ કૉઝીઝનું તમને સમજાયું કે ના સમજાયું ? કોઈ તમારો ગમતો ભાઈબંધ આવ્યો તો તમે ખુશ ખુશ થઈ જાવ એ રાગ છે ને ના ગમતો માણસ આવે ત્યારે ?

**પ્રશ્નકર્તા :** એકદમ એને કાઢી તો ના મૂકાય, પણ મન મારીને બેસી રહીએ.

**દાદાશ્રી :** એ દ્વેષ કહેવાય. આમ રાગ-દ્વેષ કર્યા કરો છો.

વેદાંત શું કહે છે કે આ મનુષ્યો પરમાત્મા કેમ થઈ શકતા નથી ? કારણ મળ, વિક્ષેપ ને અજ્ઞાન છે તેથી. જૈનોની 'થિયરી' એમ કહે છે કે રાગ, દ્વેષ ને અજ્ઞાન છે તેથી. બન્નેના મૂળમાં અજ્ઞાનતા છે જ. એટલે અજ્ઞાનતા જાય એટલે આધાર તૂટી જાય.

'ઈફેક્ટ' તો તેની મેળે થયા જ કરે છે. પણ પોતે અંદર 'કૉઝિઝ' કરે છે, આધાર આપે છે કે 'મેં કર્યું, હું બોલ્યો.' ખરી રીતે 'ઈફેક્ટ'માં કોઈને કરવાની જરૂર જ નથી. 'ઈફેક્ટ' એની મેળે સહજભાવે થયા જ કરે છે. પણ આપણે તેને ટેકો આપીએ છીએ કે 'હું કરું છું' એ ભ્રાંતિ છે અને એ જ 'કૉઝીઝ' છે.

**પ્રશ્નકર્તા :** એ 'કૉઝ'નું 'કૉઝ' શું છે ?

**દાદાશ્રી :** અજ્ઞાનતા. 'રૂટ કૉઝ' અજ્ઞાનતા છે.

## ભાવકો કરાવે અસર

**પ્રશ્નકર્તા :** ભાવ કરાવનાર કોણ ? એ આત્મા કરે છે ?

**દાદાશ્રી :** મહીં 'ભાવકો' છે તે ભાવ કરાવે છે, આત્મા ભાવ કરતો નથી. લોકો ભાવકર્મને વળગણ સમજે છે. ખરી રીતે ભાવ કરાવનારા મહીં બેઠા છે. આત્મા કોઈ દહાડોય ભાવ કરે નહીં.

**પ્રશ્નકર્તા :** એ ભાવકો કોણ છે ?

**દાદાશ્રી :** એ એકલું ભાવક નથી; ક્રોધક છે, ક્રોધને કરાવનાર; લોભક છે, લોભને કરાવનાર; નિંદક છે, તે ના કરવી હોય તોય નિંદા કરાવડાવે. આમાં આત્મા કશું જ કરતો નથી. જો આત્મા ભાવ કરે તો તેની શી દશા થાય ? તો તો એ ખલાસ થઇ ગયો ને ? આ ભાવ કરાવનારા બીજા છે. ભાવક એનું નામ છે. ભાવકો ભાવ કરાવે છે. તે ઘડીએ 'આત્મા' ભાવ્ય થઇ જાય છે, 'એને' એ ગમે છે. પોતાના સ્વરૂપની ખબર નથી એટલે આ અસર થઇ જાય છે.

## ભાવકનો આધાર, સંસારી જ્ઞાન

આ 'સાંસારિક જ્ઞાન' છે, તે ભાવક કરાવે એવું જ્ઞાન છે. જો 'મૂળ જ્ઞાન' હોય તો એ ભાવકો નામ ના દે. 'મૂળ જ્ઞાન' એટલે 'હું શુદ્ધાત્મા છું' એનું ભાન થવું તે. પછી ભાવકોનું કશું ચાલે નહીં. 'મૂળ જ્ઞાન' થાય નહીં ત્યાં સુધી ભાવકો જ અથાડ અથાડ કરે. અહીંથી ધક્કા મારે ને ત્યાંથી ધક્કા મારે, તે ફૂટબોલની જેમ અથડાવે.

**પ્રશ્નકર્તા :** આ ભાવકો અંતઃકરણના કયા ભાગમાં હોય ? મનમાં હોય ?

**દાદાશ્રી :** ના. ભાવકો તો અંતઃકરણથીય જુદા છે ! એ અંતઃકરણમાં ના આવે. અંતઃકરણ તો ભાવકોનું દોર્યું દોરવાય. ભાવકો આત્માને મૂર્ચ્છિત કરે, એટલે આત્મા ભાવ્ય થાય. એટલે પછી આ અંતઃકરણ ચાલુ થાય. અને જો 'હું શુદ્ધાત્મા છું' એ ભાન રહે તો એવા લાખ ભાવક આવે તોય કશો વાંધો નથી.

**પ્રશ્નકર્તા :** એટલે ભાવકો આત્માને મૂર્ચ્છિત કરી દે એવા ભાવ ઉત્પન્ન થાય છે ?

**દાદાશ્રી :** ના, એવું નથી. ભાવકો એવું ઊભું કરે છે કે આત્મા મૂર્ચ્છિત થઇ જાય. મૂર્ચ્છિત એટલે પોતાના સ્વરૂપનું ભાન ખોઇ નાખે. જેમ અહીં આગળ કશું ગેસનું ફૂટ્યું હોય તો માણસ બેભાન થઇ જાય છે ને ? એવું આત્માને ભાવકો ભાવ કરાવે છે તેની અસર થાય છે. અસર કોને ના થાય ? પોતાના 'સ્વરૂપ'નું ભાન હોય તેને ના થાય. નહીં તો આ 'સાંસારિક જ્ઞાન' આત્માને અસરથી મુક્ત રાખતું નથી. આ સંયોગોનું દબાણ એટલું બધું છે કે એને અસરમુક્ત રહેવા દેતું નથી. જ્યારે 'હું શુદ્ધાત્મા છું' જાણશે ત્યારે ભાવકો જોર કરશે નહીં. સામાન્ય સમજ એવી છે કે આત્મા ભાવ કરે છે, તેથી કાળ, ભાવ ને કર્મ બંધાઇ ગયું. પણ આત્મા ભાવ કરે તો તો થઇ રહ્યું, ખલાસ થઇ ગયું. તો તો એ કોઇ ચીજનો ભિખારી છે, એવું થયું.

ભાવકો ભાવ કરાવે છે અને ભાવકો જ આત્માને ભાવ્ય બનાવે છે.

**પ્રશ્નકર્તા :** આ ભાવકો છે તે પરમાણુ રૂપે છે કે ગાંઠ રૂપે છે ?

**દાદાશ્રી :** પરમાણુ રૂપે છે. એ પુદ્‌ગલ પરમાણુઓ છે.

**પ્રશ્નકર્તા :** એનો અર્થ એવો કે ભાવતું થયું હોય તો આત્મા મહીં તન્મયાકાર થઇ જાય છે ?

**દાદાશ્રી :** હા. અને ના ભાવતું હોય તો તન્મયાકાર ના થાય. એટલે 'એ' ભાવ્ય ના થાય તો કશું ના થાય.

**પ્રશ્નકર્તા :** એટલે તન્મયાકાર ના થાય તો ચિતરામણ ના થાય ?

**દાદાશ્રી :** તન્મયાકાર ના થાય તો તો કશો વાંધો નહીં, પણ 'એ' તન્મયાકાર થયા વગર રહે જ નહીં. 'સ્વરૂપ'નું ભાન થાય તો જ 'એ' તન્મયાકાર ના થાય.

## પરમાણુ ગોઠવાય ભાવ પ્રમાણે

**પ્રશ્નકર્તા :** પરમાણુ અને ભાવની લિંક તો ક્યાંક હોવી જોઇએ ને ?

**દાદાશ્રી :** હા, બધું હોય છે ને ભાવ પ્રમાણે પરમાણુ ગોઠવાઈ જાય. આ ભાઈ 'મારે દાન કરવું છે' એવો ભાવ કરે ને પેલા ભાઈ 'મારે દાન કરવું છે' એવો ભાવ કરે તો બેઉના પરમાણુ ગોઠવાઈ જાય, પણ બેઉના પરમાણુ ચેન્જ (જુદા) હોય.

**પ્રશ્નકર્તા :** હા, એ બરોબર છે કે પોતપોતાના હિસાબે જુદા ભાવ હોય.

**દાદાશ્રી :** ભાવ કયા પ્રકારે, કેવા કેવા પ્રકારે, શું હેતુ એ પછી જોવાનું હોય. બધું આવી જાય એમાં. બેઉને જુદા હોય.

**પ્રશ્નકર્તા :** દરેકને જુદા હોય પણ મુખ્ય, પરમાણુ તો ખરા જ ને ?

**દાદાશ્રી:** એટલે પરમાણુ ભેગા થઈ જાય, બીજું કશું નહીં. પણ ભાવનું જ પરિણામ છે, વ્યવસ્થિત !

**પ્રશ્નકર્તા :** હા, મુખ્ય અસર ભાવની.

**દાદાશ્રી :** પરમાણુનું તો વચ્ચે એક રમકડું ઊભું થઈ જાય છે. ભાવ પ્રમાણે પરમાણુ થઈ જાય છે.

**પ્રશ્નકર્તા :** એટલે પરમાણુનું રમકડું એ શું ?

**દાદાશ્રી :** આ પરમાણુથી આ બોડી (શરીર) ઊભું થઈ ગયું, એ ભાવથી થઈ ગયું ને ! આ બોડી થયું છે તે ભાવ પ્રમાણે થયું ને !

**પ્રશ્નકર્તા :** હા, પણ એ પરમાણુ આ સ્થૂળ છે કે સૂક્ષ્મ છે ?

**દાદાશ્રી :** પરમાણુ સૂક્ષ્મ છે પણ આમ દેખાય છે સ્થૂળ. રૂપી ખરુંને, એનો જાડો જાડો ભાગ થાય એટલે સ્થૂળ થઈ જાય. મૂળ પરમાણુ હોય, તે સૂક્ષ્મ હોય.

**પ્રશ્નકર્તા :** અને ભાવ સ્થૂળ કે સૂક્ષ્મ ?

**દાદાશ્રી :** ભાવ એ સૂક્ષ્મ અને ભાવ પરમાણુ ખેંચે તેનેય સૂક્ષ્મ કહે છે. પરમાણુ પછી સ્થૂળ થઈ જાય. તે આખું શરીર રૂપકમાં દેખવામાં આવે.

**પ્રશ્નકર્તા :** આ પરમાણુ સૂક્ષ્મ, ભાવ પણ સૂક્ષ્મ છે. બન્ને એટલા જ સૂક્ષ્મ છે પણ બન્ને ભેગા મળીને સ્થૂળ થઈ જાય છે ?

**દાદાશ્રી :** ના.

**પ્રશ્નકર્તા :** તો ?

**દાદાશ્રી :** ના, ભાવથી પરમાણુ ખેંચાયા એ જ પરમાણુ સૂક્ષ્મ થાય, બીજા પરમાણુઓ પછી ભેગા થઈ જાય ને એટલે સ્થૂળ થઈ જાય, મૂર્તિ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** બીજા કયા પરમાણુ ભેગા મળે પાછા ?

**દાદાશ્રી :** ઈચ્છા હોય, એ ભાવમાં જેવું હોય ને, એવું બધું સ્થૂળ બહાર ઘડાઈ જાય. મૂર્તિ ઘડાઈ જાય, ભાવ પ્રમાણે.

**પ્રશ્નકર્તા :** આ શરીર એ પરમાણુઓનો સમૂહ છે ?

**દાદાશ્રી :** પરમાણુઓનો સમૂહ છે અને આ શરીર રૂપી છે.

**પ્રશ્નકર્તા :** આ બધું જગતમાં જે છે, જે પરમાણુઓનો સમૂહ છે, એ રીતે આકાર થયા છે બધા ?

**દાદાશ્રી :** હા, બધા આકાર થયા છે, બસ.

**પ્રશ્નકર્તા :** પણ છૂટા પડીને બધા પરમાણુ જુદા થઈ જાય, પાછા ભેગા મળી જાય ?

**દાદાશ્રી :** ભાંજગડ જ એની છે.

**પ્રશ્નકર્તા :** દેહનો વિલય થાય તે પરમાણુ છૂટા પડી જવાના ને ?

**દાદાશ્રી :** પરમાણુ પછી ઊડી જાય. આપણે બાળી મેલીએ કે ઊડી જાય એ રીતે અને હતા તેવા ને તેવા જ થઇ જાય પાછા. મૂળ તત્વ પાછું વધે-ઘટે નહીં. આપણે જાણીએ કે બધું આ કેટલું નુકસાન થયું પણ એને કશું નુકસાન થતું નથી. પછી કશું નહીં.

**પ્રશ્નકર્તા :** આજ એક માણસ મરી ગયો, પછી એનો બીજો જન્મ થવાનો હોય, તો જે એના પરમાણુઓ હોય તો એ પરમાણુ જ શુદ્ધાત્મા સાથે જાય ને ?

**દાદાશ્રી :** ના, સ્થૂળ દેહના પરમાણુ જોડે ના હોય.

**પ્રશ્નકર્તા :** તો કેવી રીતે એનો બીજો જન્મ થાય છે ?

**દાદાશ્રી :** તે તો એ કૉઝીઝ પરમાણુ જાય છે.

રાગ ભાવ કર્યો એ પરમાણુ ખેંચાયા, એ ખેંચાઇ અને ઉપર ગિલેટ થઇ ગયો રાગનો. અને દ્વેષ કર્યો તો પરમાણુ ખેંચાઇને ગિલેટ થઇ ગયો દ્વેષનો. એ ગિલેટ ભેગો થયો ત્યાં આગળ પછી, એ પરમાણુ આત્મા જોડે જાય. અજ્ઞાન દશામાં તો આ ક્રિયા ચાલુ રહે છે, આ ઘટમાળ ચાલુ રહે છે.

## ગુહ્ય વિજ્ઞાન, પરમાણુ તણું

એટલું બધું ગૂઢ સાયન્સ (વિજ્ઞાન) છે કે તમે એક ખરાબ વિચાર કરો કે તરત જ આ બહારના જે પરમાણુ છે ને, તે પછી જોઈન્ટ (ભેગા) થઈને અંદર દાખલ થઈ જાય અને તે હિસાબ બેસે ને તેવા જ ફળ આપીને પછી જાય. એમ ને એમ ના જાય. એટલે કોઈને ફળ આપવું-કરવું નથી પડતું. આ તો બહાર ફળ આપનારો કોઈ છે નહીં, એવો કોઈ ઈશ્વર છે નહીં કે જે તમને ફળ આપવા માટે આવે !

આપણે જે દ્વેષથી ખેંચીએ છીએને આમ, જે ખરાબ બોલીએ કે ખરાબ ભાવ કર્યો કે પરમાણુ એવા ખરાબ આવે કે કડવાં ફળ આપે, ના ગમતા. સારો ભાવ કર્યો કે સારાં ફળ આપે, મીઠાં ફળ આપે અને ભાવાભાવ ના કર્યો, 'હું શુદ્ધાત્મા છું', કર્તાભાવ બંધ થઈ ગયો તો જૂના ફળ આપીને ચાલ્યા જાય, બીજા નવા ના આવે. એવી રીતે આ સાયન્સ છે, આખી પદ્ધતિ છે.

પરમાણુ જ બધું કરી રહ્યા છે. જેમ એક માણસ આટલું અફીણ કે એવું તેવું ઘોળીને પી જાય પછી ભગવાનને મારવા આવવું પડે ? કોણ મારે ? એવી રીતે આ બધું અફીણના જેવું છે. પરમાણુ જ મહીં જુદી જાતના થાય છે. અમૃત જેવા, અફીણ જેવા, જાત જાતના પરમાણુ, જેવા ભાવ થાયને તેવાં પરમાણુ થઈ જાય. એ આત્માની એટલી બધી અલૌકિક શક્તિ છે ! જડની પણ એટલી બધી અલૌકિક શક્તિ છે કે એટલું ધારણ કરી શકે છે ! જડની શક્તિ મેં જોયેલી છે એટલે હું કહી દઉં છું કે બહુ મોટું સાયન્સ છે આ. આત્માની તો શક્તિ છે જ, એ તો આખું જગતેય એક્સેપ્ટ (સ્વીકાર) કરે છે પણ જડની શક્તિ ભયંકર શક્તિ છે. આત્મા કરતાં વધી જાય એવી શક્તિ છે. એટલે જ આ બધું ફસાયું છે ને, નહીં તો આત્મા મહીં ફસાયા પછી ધારે ત્યારે કેમ ના છૂટી જાય ? ત્યારે કહેશે, ના, જ્યાં સુધી આ વિજ્ઞાન નહીં જાણે ત્યાં સુધી છૂટે નહીં. પોતે અસલ વિજ્ઞાનમાં નહીં આવે ત્યાં સુધી છૂટે નહીં.

આમ ભાવ કરતાંની સાથે આખું પરમાણુ ચેન્જ (ફેરફાર) થઈ જાય છે. અને આત્માનો સ્વભાવ મૂળેય એવો છે કે જેવું કલ્પે તેવો થઈ જાય. તેથી અમે તમને કલ્પના શી આપીએ છીએ કે 'તું શુદ્ધાત્મા જ છું.' તમે બીજી રીતે કંઈ છો જ નહીં અને ખરેખર એક્ઝેક્ટ એમ જ છે, ગપ્પું નથી મરાવતા. ગપ્પું મારેલું રહે નહીં. એક કલાકેય ટકે નહીં. વખતે છ મહિના ટકે અંધશ્રદ્ધાથી, તો પણ લાંબો કાળ રહે નહીં. એ તો તૂટી જ જાય અને તે મહીં શાંતિ ના આપે. 'હું શુદ્ધાત્મા છું' એ નિર્વિકલ્પ દશા છે, એમાં પરમાણુ પેસતા નથી. વિકલ્પમાં પરમાણુ પેસે.

## કષાયોના અસરે રંગાય પરમાણુ

બધા શુદ્ધ પરમાણુથી ભરેલું છે આ જગત, વિશ્રસા. તે એમાં ડખલ ક્યારે થાય ? તમે કોઈને અહીંયાં આગળ, 'એય અક્કલ વગરના છો. શું કરો છો ?' બોલ્યા કે તરત જ પેલા પરમાણુ ઉપર અસર થઈ, જેવા તમારા કષાય હોય. હંમેશાં અજ્ઞાની બોલે એ બધાય કષાય જ હોય. પ્રેમપૂર્વક બોલે તો રાગ કષાય, એટલે લોભ કષાય. પ્રેમનું વાક્ય બોલે તોય કષાય કહેવાય અને દ્વેષનું બોલે તોય કષાય કહેવાય.

હવે એ કષાયવાળી આપણી વાણી નીકળેને, એટલે આ વિશ્રસા પરમાણુ હોય, એને અસર કરે એ વાણી. એને રંજિત કરે, રંગાય, રંગીન કરે. જેવો કષાય હોય ને, એવો રંગ ચઢાવે અને પછી એ ખેંચાઈ આવે મહીં, આપણા અંદર, એ પ્રયોગસા કહેવાય. કર્મ ક્યાં આગળ થાય છે ? પ્રયોગસા થાય છે ત્યાં આગળ કર્મ બંધાય છે.

અને જ્યારે આપણે (વેપાર કરતાં) કંઈક કપડું ખેંચીને આપીએ તે ઘડીએ એ યોગક્રિયા થઈ અને ધ્યાન, બેના ગુણાકાર પ્રમાણે પરમાણુ ખેંચાય. હવે શુદ્ધ પરમાણુ ખેંચાય છે પણ આ ક્રિયાના ધ્યાનને લઈને એ વિશ્રસાના પ્રયોગસામાં આવ્યા. હવે પ્રયોગસા કેવું ? તો એ જો ધર્મધ્યાનમાં હોય તો તેવા પ્રયોગસાના પરમાણુ અને આ પેલા હોય તો એવા પરમાણુ. નર્કગતિના હોય તો એવા પ્રયોગસા પરમાણુ.

તે આ પરમાણુ ક્યાં સુધી ખેંચે ? 'હું ચંદુભાઈ છું' તેને ભાન છે, 'હું'પણું છે ત્યાં સુધી આ વિશ્રસા પરમાણુ ખેંચે. પણ જ્યારે સ્વરૂપનું ભાન થાય, 'હું ચંદુભાઈ છું' એ ભાન જતું રહે, ત્યારે પરમાણુ ના ખેંચે.

## ભોગવટા મિશ્રસાના

હવે એ મિશ્રસામાં તો આખું જગતેય છે. મિશ્રસા એટલે શું ? આ જન્મથી માંડીને સ્મશાનમાં જતાં સુધી મિશ્રસા છે. એમાંથી બીજું શું ઉત્પન્ન થાય ? ત્યારે કહે, બીજું પ્રયોગસા ફરી ઉત્પન્ન થાય. તે અત્યારે પ્રયોગસા ઊભું થઇ જાય, તે આવતા ભવે મિશ્રસા થાય. અને આ મિશ્રસા તો કાયમ ભોગવ્યા જ કરે છે. ભોગવટો મિશ્રસાનો છે. નવો બંધ પડ્યા વગર હવે મિશ્રસામાંથી જો વિશ્રસા થયા તો છૂટ્યા, નહીં તો છૂટાય નહીં.

એ પ્રયોગસા પરમાણુ આપણને અસર ના કરે. એ પરમાણુ મહીં પેલા કૉઝીઝ જ્યારે થાય ત્યારે પ્રયોગસા થઈને મહીં રહે. જ્યારે અસર આપવા માટે લાયક થાય અને અસર આપવા માટે બહાર પડે ત્યારે ઉદયકર્મ તરીકે આવે, એટલે એ મિશ્રસા કહેવાય. એમાં કોઈ બાપોય છટકી શકે નહીં. પ્રયોગસામાં ફેરફાર કરી શકાય. અમારી પાસે આવેને, તો ફેરફાર કરી આપીએ. મિશ્રસા તો ભગવાનથી પણ ના ખસે. જામી ગયેલું ઉદયકર્મ તો છૂટકો જ નહીં ને ! અને ઉદયકર્મ કડવાં-મીઠાં ભોગવી લીધા, જે પરમાણુ ખરી પડે એ પરમાણુ વિશ્રસા, પ્યૉર.

## શુદ્ધ પરમાણુથી થાય અસર મુક્ત

હવે આપણે શું કરવાનું કે આપણને કો'ક બે ગાળ ભાંડે, એટલે આપણે એને સમભાવે નિકાલ કરી દેવો. 'હું શુદ્ધાત્મા છું', એમના શુદ્ધાત્મા જોઈને સમભાવે નિકાલ કરીએ, તો એ પરમાણુ જે મિશ્રસા હતા, એ પાછા વિશ્રસા થાય.

આપણે કહીએ છીએ ને કે સમભાવે ફાઈલનો નિકાલ કરવાથી પરમાણુ શુદ્ધ થાય. તે વખતે શુદ્ધાત્મા જુઓ એટલે પરમાણુ શુદ્ધ થાય. આ પરમાણુ તો નીકળ્યા જ કરવાના નિરંતર, તોય પણ શુદ્ધ થઈને જાય, એટલે ફરી દાવો નહીં માંડે. એટલે પછી પરમાણુ, પરમાણુમાં સેટઅપ થઈ ગયા ને આત્મા, આત્મામાં સેટઅપ થઈ ગયો એટલે મોક્ષ કહેવાય છે. એટલે ફરી બંધનમાં આવવાનો પ્રશ્ન જ

નથી રહેતો. એક ફેરો અબંધ થયેલી વસ્તુને કોઈ બંધ હોતો નથી.

એ પ્રયોગસા ગયા અવતારે કરેલા હોય. એ પ્રયોગસા જ્યારે ત્યાં આગળ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સમાં જાય, પછી મિશ્રસા થઈને અહીં આવે. મિશ્રસા આ અવતારમાં ભોગવવાના.

**પ્રશ્નકર્તા :** દાદા, એ પરમાણુ જ્ઞાને કરીને ભોગવાય તો પછી એ વિશ્રસા થઈ જાય પાછા ?

**દાદાશ્રી :** હા, એ જ્ઞાને કરીને એને જો ચોખ્ખા કરેને તો વિશ્રસા થઈ જાય. એટલે એમની જવાબદારી નહીં પછી. આપણે પરમાણુની જોખમદારી ક્યાં સુધી ? વિશ્રસા ના થાય ત્યાં સુધી. એટલે અજ્ઞાને કરીને પણ એ કરેલા, તેને જ્ઞાને કરીને ગાળવાની જરૂર.

## પુદ્ગલની કરામતોનો ભડકાટ

ગમે તેટલી જોરદાર ફાઈલ આવે ત્યારે આપણે બોલવું કે 'કહેવું પડે આ પુદ્ગલ કરામતને !' ગમે તેવું હોય તોય આપણે શું લેવાદેવા ? સામો માણસ ગુસ્સે થાય કે ગમે તે કરે, પણ છેલ્લે એ તો પુદ્ગલ કરામત જ છે ને ! આ તો કરામત જ કહેવાય ને કે છે અચેતન ને વર્તે છે ચેતનની જેમ. અને આને આપણે પૂરવાર કર્યું છે, તો આપણે જાણવું કે આ પુદ્ગલની કરામત છે.

લાલચંદ તે ફૂલચંદને ત્રણ ધોલ મારે છે તેય પુદ્ગલની કરામત છે અને જો પાછો ફૂલચંદ લાલચંદને ચાર ધોલ મારે તો તેય પુદ્ગલની કરામત જ છે. પુદ્ગલની કરામત પ્રમાણે આત્માને વર્તવું પડે છે. અજ્ઞાનીને ભેગો થઈને વર્તે, જ્ઞાનીને છૂટો થઈને વર્તે. પુદ્ગલે પુદ્ગલને ભાંગ્યું ત્યારે લોક ભડકે છે ને પાછા કહે છે કે મેં તોડ્યું, મેં ફોડ્યું, મેં ભાંગ્યું.

પુદ્ગલની તો અનેક જાતની અનંત કરામતો છે, તેનો ભડકાટ શું ? ગભરાવાનું શું ? સુથારની કરામત, લુહારની કરામત, તેમ આ પુદ્ગલની કરામત છે. અત્યારે 'એણે' આમાં કિંચિત્માત્ર, કંઈ જ કર્યું નથી. આ તો માત્ર હાજરીથી થયા કરે છે.

અજ્ઞાનીઓ ભયને અનુભવે, જ્ઞાન આપ્યું હોય તે ભયને વેદે અને ભયની અસરને જાણે તે 'કેવળ જ્ઞાનસત્તા' !

એક વસ્તુ સમજી લેવાની કે આપણો વ્યવહાર આત્મા છે તે મૂળ આત્મા જોડે જોઈન્ટ થવા માંગે છે. મૂળ વસ્તુ, ચેતન ચેતનમાં ભળી જવા માંગે છે અને પુદ્ગલ પુદ્ગલમાં ભળી જવા માંગે છે.

## પરમાણુ-પરમાણુનું મિલન

**પ્રશ્નકર્તા :** દાદા, આપે કહ્યું છે કે એક પરમાણુ ને બીજા પરમાણુનું મિલન વ્યવસ્થિતના લૉ સિવાય બને તેમ નથી, તો આ ગાળ બધું આવે છે એ તો બધું જથ્થાબંધ આવે છે, તો તે વ્યવસ્થિત જ છે ?

**દાદાશ્રી :** બહુ સરસ વાત કહી. આ અમારી ઝીણી વાત તેં પછી પકડી પાડી. એક-એક પરમાણુ-પરમાણુનું મિલન વ્યવસ્થિતના નિયમની બહાર નથી. તો આ એક શબ્દ વાણી રૂપે નીકળે અને એના પરમાણુઓ છૂટા પાડીએ તો આખી રૂમ ભરાઈ જાય. એકદમ ચોખ્ખા બે પરમાણુનું મિલન વ્યવસ્થિતના નિયમ વગર ના થઈ શકે, તો આ કદરૂપા પરમાણુની તો વાત જ શી કરવી ? એક પરમાણુ પણ વ્યવસ્થિતના નિયમને આધીન છે અને એક પરમાણુ એવું નથી કે જે એક જગ્યાએ ઊભું રહે. નિરંતર સમસરણ થયા જ કરે છે.

જે ગ્રહણ થાય છે તે રૂપી એવા સૂક્ષ્મ પરમાણુ રૂપે થાય છે. એ ભરાય છે અને પછી સ્થૂળ રૂપકમાં આવે છે, પછી ક્રિયા થાય છે. આખાય બ્રહ્માંડના પરમાણુ ભર્યા છે. કોઈ એકુય વ્યાપાર બાકી જ નથી રાખ્યો.

## ચેતો, પરમાણુની અસરો સામે

તે આ બધું પરમાણુની અસરવાળું છે. તે આ બધું સાયન્સ તો આપણે ત્યાં જ હતું મૂળ તો. પછી એ સાયન્સ અહીંથી ત્યાં ફોરેન ગયું.

હવે એ પરમાણુ કેવા હતા ? વર્લ્ડમાં એ પરમાણુ બધા જે છે રૂપી પરમાણુ, તે બધા જ પ્યૉર છે. પણ માણસ એમ બોલે છે, 'તમે નાલાયક છો.' આવું 'નાલાયક' બોલનારને ભાન નથી, સાંભળનારનેય ભાન નથી. હવે સાંભળનારને જેટલી અસર થઇ એટલા પરમાણુ એનામાં પેઠા અને આ બોલનારનેય પરમાણુ પહોંચે. સિદ્ધને ના પહોંચે. સિદ્ધને પરમાણુ અસર ના કરે.

તમે જેટલો કકળાટ કરશો તેટલા સામાના પરમાણુ તમારામાં પેસશે. તે સામોય બગડશે અને તમેય બગડશો.

આપણે કોઈની આગળ બોલ્યા હોય કે આ જજ સારો નથી. પછી આપણે જજ આગળ જઈએ તો પેલા ખરાબ બોલ્યાના પરમાણુ છે તેની જજને આપણી આંખો ઉપરથી જ ખબર પડી જાય. એ પરમાણુ પહોંચે. તેમ આપણે કોઈની આગળ બોલી ગયા કે આ જજ સારો છે. તો તે થોડાક વખત પછી આપણામાં તેના માટે સારા પરમાણુ ભરેલા એટલે જજને સારાની અસર થાય જ. કશું જ અવળું વિચારવા જેવું નથી અને સવળુંય વિચારવા જેવું નથી. (શુદ્ધ જોવા જેવું છે.)

જે જે પરમાણુ ભેગા (ચાર્જ) કર્યા છે, તેવા (ડિસ્ચાર્જ થતી વખતે) વિચાર છપાઈ જાય છે અને તે જ પરમાણુ ઉદયમાં આવે છે. જો પોતે જ વિચારતા હોઈએ તો ગમતા જ વિચાર આવે. પણ જેવા પરમાણુ ભર્યા છે તે નીકળે છે. વિચારો સંયોગોને આધીન છે.

દરેક પરમાણુનો એક ખૂણો પોઝિટિવ હોય, એક નેગેટિવ હોય. આપણા દેશમાં બધાએ જ એકી અવાજે વરસાદને 'વેલ કમ' કહેવું જોઈએ. આ તો વરસાદ આવે, પણ ત્યારે કોઈ કહે, 'હમણાં ના પડીશ.' કોઈક કહે, 'જલદી પડજો', કોઈક વળી કહે કે 'બે દિવસ પછી પડજો.' નવાં કપડાં પહેર્યાં હોય ને વરસાદ આવેને તો વરસાદને ગાળો દે. દરેક પોતપોતાની સગવડતા પ્રમાણે વરસાદને કહે. એટલે બિચારો વરસાદ પણ શું કરે ?

જે પરમાણુ નીકળે છે તે વેગ છે, પણ તેના વિચાર કરીને લોક આવેગમાં લાવે. વિચારોમાં તન્મયાકાર થયા તો બીજ પડે. પણ જો તેના જ્ઞાતા-દ્રષ્ટા થયા તો બધા જ પરમાણુ શુદ્ધ થઈને ઊડી જાય.

સૂક્ષ્મ અહંકારના પરમાણુ ભેગા થાય, તો તેને કાઢવા બહુ મુશ્કેલ છે. આ પરમાણુની ગોઠવણ જ એવી છે કે અહંકાર ઉત્પન્ન થયો કે તેને માર મારે.

પરમાણુ-પરમાણુના હિસાબ ફેર હોય. તારા પરમાણુ જો આમને આપે તો એને હલકા થઈ પડે, કહે કે આટલા હલકા ! ને જો એવા પરમાણુ મને મળે તો મને નહીં જેવું લાગે. આવી છે પરમાણુની ઈફેક્ટ ! આનું કારણ શું છે કે મન કેળવાયેલું નથી, મનોબળ કેળવાયેલું નથી, તે હવે ધીમે ધીમે કેળવાયા કરે. આત્માની શક્તિ વધે તેમ તેમ કેળવાય.

## સ્પંદનોની અસરો

સંસારસાગર તે પરમાણુઓનો સાગર છે. એમાં સ્પંદન ઊભા થાય છે ત્યાં મોજાં ઊપજે છે અને તે મોજાં પાછા બીજાને ટકરાય છે, તેથી પાછા બીજાનેય સ્પંદન ઊભા થાય છે અને પછી તોફાન શરૂ થાય છે. આ બધું પરમાણુઓથી જ ઊપજે છે. આત્મા તેમાં તન્મયાકાર થાય તો જોશમાં સ્પંદન શરૂ થાય.

આ જગતમાં પણ સાગર જેવું જ છે. એકે સ્પંદન ઉછાળ્યું તો સામે કેટલાય સ્પંદન ઉછળે.

આખું જગત પડઘાથી જ ઉત્પન્ન થયું છે. બધી જ જાતના બધા જ પડઘા સાચા છે અને તાલબદ્ધ સંભળાય છે.

આપણે ઢેખાળો ના નાખીએ તો આપણામાં સ્પંદન ના ઊઠે અને સામેનામાંય મોજાં ના ઊઠે ને આપણને કંઈ જ અસર ના કરે. પણ શું થાય ? બધા જ સ્પંદન કરે જ છે. કો'ક નાનું તો કો'ક મોટું સ્પંદન કરે છે. કો'ક કાંકરી નાખે તો કો'ક ઢેખાળો નાખે. ઉપરથી પાછું સ્પંદન સાથે અજ્ઞાન છે તેથી ઘણી જ ફસામણ. જ્ઞાન હોય ને પછી સ્પંદન થાય તો વાંધો નહીં. ભગવાને કહ્યું છે કે સ્પંદન ના કરીશ. પણ મૂઓ, સ્પંદન કર્યા વગર રહે જ નહીં ને ! દેહના સ્પંદનનો વાંધો નથી પણ વાણીના અને મનના સ્પંદનનો વાંધો છે. માટે તેમને તો બંધ જ કરી દેવા જોઈએ, જો સુખે રહેવું હોય તો. જ્યાં જ્યાં ઢેખાળા નાખેલા ત્યાં ત્યાં સ્પંદનો ઊભા થવાના જ. સ્પંદનો બહુ ભેળા થાય ત્યારે નર્કે ભોગવવા જવું પડે અને તે ભોગવીને હલકો થઈને પાછો આવે. હળવા સ્પંદનો ભેળા કરેલા હોય તો તે દેવગતિ ભોગવીને આવે. દરિયો નડતો નથી, પણ આપણે નાખેલા ઢેખાળાના સ્પંદનો જ આપણને નડે છે. જો દરિયા ભણી ધ્યાન નથી રાખ્યું તો તે શાંત છે અને જ્યાં જ્યાં ધાંધલ ઊભી કરેલી તેના જ, તે દરિયાના સ્પંદનો નડે છે.

ભગવાને શું કહ્યું કે એક સમય પોતે પોતાનો થયો નથી. સ્પંદનોમાં જ બધો સમય કાઢે છે. પેલોય મોજાં ઊછાળે અને આપણેય મોજાં ઉછાળીએ એટલે ડૂબીય જવાયે નહીં ને તરાયેય નહીં.

મનને જો તરછોડ લાગી, પછી જોઈ લો તે તરછોડના સ્પંદનો ! ત્યાગીઓની તરછોડ કઠોર હોય. વીતરાગ તો લાખ તરછોડ વાગે તોય પોતે સ્પંદન ઊભા ના કરે. ખોખામાં સ્પંદન ઊભા કરશો જ નહીં, ખોખાને શું તોપના બારે ચઢાવવા છે ? તે તો નાશ થઈ જવાના છે. પછી તે હીરાના ખોખા હોય કે મોતીના હોય, તેમાં સ્પંદનો ઊભા કરીને શું કાઢવાનું ?

### ત્યાં ના જડે પરમાણુની સ્પર્શતા

'એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો,
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુ-લઘુ અમૂર્ત સહજપદ રૂપ જો.'
- શ્રીમદ્ રાજચંદ્ર

કહે છે કે એક પરમાણુની સ્પર્શતા ન થાય તો 'પૂર્ણ કલંકરહિત સ્વરૂપ અડોલ' રહી શકે. જ્યાં સુધી જેના જેના પરમાણુ ગ્રહણ કર્યા છે, એ ગ્રહણ કરેલા (પરમાણુ) બધાને પહોંચી જાય અને કોઈના તરફનો લાલ વાવટો ના ધરે ત્યારે આપણે જાણવું કે બધાય લીલો વાવટો ધરે છે, એટલે પરમાણુ પહોંચી ગયા.

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, આપ જે કહો છો કે પરમાણુને પણ શુદ્ધ કરવા પડશે તે આ ?

**દાદાશ્રી :** હા, કરવા જ પડે ને !

અમે પહેલાં ટ્રેનમાં મુસાફરી કરતા હતા. ત્યારે પચાસ-સો માણસ સ્ટેશને મૂકવા આવે અને પછી પદો-બદો ગાય અને આખું સ્ટેશન બધું ગજાવી નાખે. એમને પ્રેમ આવ્યો તે શું ના કરે ? હવે ત્યાં આગળ એક જણ કહે કે 'દાદા, આજ તમારે નથી જવાનું.' એટલે અમે જાણીએ કે આ લાલ વાવટો ધરે છે. બીજા બધા લીલો વાવટો ધરે છે, પછી એને સમજાવું અને એની સમજમાં ઉતરે તો ઠીક છે, નહીં તો અમારે જવાનું બંધ રાખવું પડે. કારણ કે મારી-ઠોકીને મોક્ષે ના જવાય. 'હટ અહીંથી, મને મોક્ષે જવા દે', એ ના ચાલે. ધક્કા મારીને સિનેમામાં પેસવા દે ને, પણ એવું કંઈ મોક્ષે ના જવાય. મોક્ષે તો બધા લીલો વાવટો ધરે, કે 'સાહેબ, પધારજો અને

અમને કંઈ તમારા જેવો રસ્તો કરી આપજો', ત્યારે જવાય !

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આમાં એક પોઈન્ટ થાય છે કે નવાણું જણાએ તમને લીલો વાવટો આપ્યો અને આ એક જ લાલ વાવટો ધરે છે, હવે એનું બેલેન્સ કેમ મેળવવું ?

**દાદાશ્રી :** બેલેન્સ મેળવવાનું નહીં. એ લાલ વાવટો ધરે છે ને, એટલે એને આપણે પૂછીએ અને એ ટેકનિકલી રાઈટ (સૈદ્ધાંતિક રીતે સાચો) છે કે નહીં એ જોઈ લેવાનું. અને ટેકનિકલી રાઈટ લાગે એટલે આપણે જવાનું બંધ રાખીએ. અને ટેકનિકલી રાઈટ ના હોય અને બીજે ઊંધે રસ્તે હોય તો પછી પેલા બધા મહાત્માઓ છે તે એને કહે કે 'ભાઈ, આવું તું ના વળગીશ.' બાકી ટેકનિકલી જોઈએ, ત્યારે ખબર પડે કે શું દુખાવો છે ! એ કહેશે કે 'મારો બ્રધર (ભાઈ) હમણે જ મરી જાય એવી સ્થિતિમાં છે.' તો અમે જોઈએ કે 'હા, એ ટેકનિકલી રાઈટ છે.' તો આજ જવાનું બંધ રાખો. એવું જોવું પડે ને કે એમ ને એમ ધક્કા મારીને જતું રહેવું છે ? તમને કેમ લાગે છે, ના જોવું પડે ? ને ધક્કા મારીને મોક્ષે ગયેલા કોઈ ?

એટલે બધા પરમાણુ ચૂકવી દેવા પડશે. પરમાણુએ પરમાણુના હિસાબ ચૂકવી દેવા પડશે. આ પરમાણુ બધા લોકોના લીધેલા છે, તે પરમાણુ લોકોને આપી દીધા, એટલે આપણે મુક્ત થયા !

એટલે કલંક ના રહ્યું, કારણ કે કોઈએ લાલ વાવટો ધર્યો નહીં. એટલે કલંકરહિત અડોલ સ્વરૂપ, એટલે અમારે એમાં સ્થિરતા છે, તે હવે કોઈ અસરો ડગાવી શકે એમ છે નહીં !

### સ્થળની અસર, વિચારો ઉપર

**પ્રશ્નકર્તા :** સ્થળ, કાળની ઈફેક્ટ વિચારો ઉપર થાય ખરી ?

**દાદાશ્રી :** એની ઈફેક્ટથી જ આ વિચારો ઉપર અસર થાય છે. એ સ્થળ ને કાળ બદલાય નહીં ને !

**પ્રશ્નકર્તા :** એટલે મારું મૂળભૂત રીતે શું કહેવાનું હતું કે હમણાં હું સુરત ગયો હતો, તો ત્યાં આંતર દર્શનમાં થોડી વધારે પડતી ઝાંખપ આવી ગઈ. અહીંયા વડોદરામાં આવું છું ને ત્યારે વધુ સ્પષ્ટ દર્શન ખુલે છે ને સુરત, મુંબઈ જાઉં છું ને ત્યારે દર્શન પર અસર થતી જાય છે.

**દાદાશ્રી :** એની અસર થાય. દરેકે દરેક જગ્યાની અસર થાય. જગ્યા તો આ ઝાડ નીચે બેસીએ તોય અસર જુદી થાય, પેલા ઝાડ નીચે બેસીએ તો જુદી અસર થાય. એ ઝાડની અસર થાય. સ્થળ, કાળ અને પાછું આ ઝાડ, દ્રવ્ય કે વસ્તુ, બધાની અસરો પડે.

**પ્રશ્નકર્તા :** જેવી રીતે માણસોનાં વાઈબ્રેશન (સ્પંદન) હોય એવી રીતે ક્ષેત્રનાં પણ વાઈબ્રેશન હોય ને ? વાતાવરણ હોય એવું ?

**દાદાશ્રી :** દરેકનું વાતાવરણ હોય. એક ઝાડ હોય તો તેનુંય વાતાવરણ હોય, ક્ષેત્રનુંય વાતાવરણ હોય. અમુક ક્ષેત્રમાં જઈએ ત્યારે ખરાબ વિચાર આવે.

આપણે અહીં કુરુક્ષેત્ર છે ને, ત્યાં જાય તો ત્યાં લડવાના જ વિચાર આવે. ત્યાં થઈને બે જણા ગયા હોય તો લડી જ પડે, મૂઆ.

**પ્રશ્નકર્તા :** એટલે આ રૂમનું પણ વાતાવરણ હોય ને ?

**દાદાશ્રી :** દરેકનું વાતાવરણ.

**પ્રશ્નકર્તા :** અમુક ભૂમિમાં જઈએ તો જ્ઞાન આવે, અમુક ભૂમિએ જઈએ તો ક્રોધ આવે, ભૂમિ-ભૂમિમાં ફરક પડે છે ? ક્ષેત્રે-ક્ષેત્રે જુદા જુદા ભાવ થાય એવું ખરું ?

**દાદાશ્રી :** હા, દરેક ક્ષેત્રે ભાવ જુદો જુદો બદલાય.

**પ્રશ્નકર્તા :** તો પછી કર્મ ચૂકવવા માટે અથવા કર્મના નિકાલ માટે બધી જગ્યાએ ફરવાનું તો આવે જ, તો તે વખતે આ સ્થળ, કાળની અસર નિવારવા માટે શું કરવું ?

**દાદાશ્રી :** એ અસર જેને થાય છે તે આપણે ન્હોય. અસર જેને થાય છે તેને આપણે જુઓ. તમારી જગ્યા અસરમુક્ત છે. વર્લ્ડમાં કોઇ ચીજ એવી નથી કે જે અસરમુક્ત હોય અને 'તમે' અસરમુક્ત છો. એટલે અસરનો વાંધો નહીં, અસર તો થયા જ કરે. કોઇ જગ્યા એવી નથી કે અસર થયા વગર રહે. અને અસર પુદ્ગલનો સ્વભાવ જ છે, ઈફેક્ટિવ જ છે. મન-વચન-કાયા ઈફેક્ટિવ આખા. અને પાછું પઝલ છે, જડે નહીં પાછું.

## વિજ્ઞાનથી અસરમુક્ત થઈએ

**પ્રશ્નકર્તા :** એ અસરમુક્ત શી રીતે રહેવાય ?

**દાદાશ્રી :** મહીં બધા ભાવકો છે. પોતે જો ભાવ્ય થાય તો ભાવ થાય ને ફસાય. તું તો પરમાત્મા છે. માટે ભાવને જાણ. અને ભાવનો તું જ્ઞાતા-દ્રષ્ટા રહ્યો તો ફસાઇશ નહીં. જો ભાવક ના હોય તો પોતે પરમાત્મા જ છે. આ ભાવક કોણ છે ? પહેલાની ગનેગારી એ ભાવક છે, એનાથી બીજ પડે છે. ભાવક ને ભાવ્ય એકાકાર થાય તો યોનિમાં બીજ પડે ને એનાથી સંસાર ઊભો થાય છે. જો ભાવક ને ભાવ્ય એકાકાર ના થાય, ત્યાં 'પોતે' 'સ્ટ્રોંગ' રહ્યો, તો 'પોતે' ભાવ્ય ના થઈ જાય તો અનુબંધ ઉદયમાં આવે ખરો, પણ બંધ પડ્યા વગર નિર્જરા થઈ જાય.

'આત્મા' રત્નચિંતામણિ છે, કલ્પવૃક્ષ છે. પોતે જેવું કલ્પે એવો થઈ જાય. 'તમે' કહો કે 'હું નાદાર થઈ ગયો' તો નાદાર, 'તમે' કહો કે 'નહીં, કંઈ થયું નથી.' તો કંઈ અસર ના રહે !

## 'હું'ની રોંગ બિલીફોથી સંસાર ઊભો

અમે 'જ્ઞાન' આપીએ છીએ ત્યાર પછી મહીં 'ચેતક' બેસાડી આપીએ છીએ. માત્ર તમારે હવે ચેતકની જરૂર છે. આ ચેતકને મજબૂત કરી લેવાનો છે. તો જ એ પેલાની સામો થાય. નહીં તો ચેતક નિર્માલ્ય થઇ જાય. આ 'ક' તો બહુ ભારે હોય છે.

સંસારમાં અટકવાનું થાય તો ચેતક ચેતવે ! સ્વરૂપ જ્ઞાન મળ્યા પછી મહીં આલોચના, પ્રતિક્રમણ, ચેતક વગેરેના નવા થાણાં સ્થપાય છે ને 'ક'ની વંશાવળીના થાણાં ઊઠવા માંડે છે. મહીં ભાવકો બધા ભાવ કરાવડાવે, તે ઘડીએ તપ એવું રાખે કે જરાય 'પોતાનું' ચૂકે નહીં.

**પ્રશ્નકર્તા :** તો એ આપ જ્ઞાન આપો છો ત્યારે એને અસર પહોંચે છે કે કોને અસર પહોંચે છે એની ?

**દાદાશ્રી :** પુદ્ગલને.

**પ્રશ્નકર્તા :** એટલે એ જે બીજાને જીવતો કરતું હતુંને, એ ઊડી જાય છે ?

**દાદાશ્રી :** ઊડી જાય, રોંગ બિલીફ ઊડી જાય એટલે ઊડી જાય. રોંગ બિલીફથી જીવતું થાય. રોંગ બિલીફ ઊડી જાય એટલે જીવતું બંધ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** એટલે એનો અર્થ એવો કે રોંગ બિલીફથી હું જીવતું થાય છે ?

**દાદાશ્રી :** રોંગ બિલીફથી આ સંસાર ઊભો રહ્યો છે તે ! એટલે એક 'હું' નહીં, કેટલાય 'હું'.

## ઓગળેલા 'હું'ની બિલીફો

**પ્રશ્નકર્તા :** પેલી બિલીફમાં ફેરફાર થયોને તો 'હું' ઓગળી ગયેલો દેખાય છે. કોઈ પણ અવસ્થામાં 'હું' ઊભો થતો હોય અને બિલીફમાં ફેરફાર થાય તો 'હું' ઓગળેલો દેખાય.

**દાદાશ્રી :** તે રાઈટ બિલીફ બેસે એટલે ઊડી જાય. રોંગ બિલીફથી કાયમનો ઊભો થયેલો છે.

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** બપોરે છે તે પુસ્તક વાંચ્યું હોય, ભૂતની વાતો વાંચી હોય અને રાત્રે એકલા સૂઈ ગયા હોય તો જોડેની રૂમમાં પ્યાલો ખખડ્યો તો તરત મનમાં એમ થયું કે કોઈ છે નહીં ને સાલું આ કોણ... એકદમ મહીં ભૂતનો ભય પેસી જાય, તે કેટલા વાગ્યા સુધી...ક્યાં સુધી રહે એ ?

**પ્રશ્નકર્તા :** સવાર સુધી, સવારે દિવસ ઊગે ત્યાં સુધી.

**દાદાશ્રી :** એ સવાર સુધી ફોડ ના પડે ત્યાં સુધી રહે. પછી રાઈટ બિલીફ બેસે એટલે ઊડી જાય કે ના, આ તો ખોટી વાત છે, આ કશું છેય નહીં. આમ એવી રીતે આ રોંગ બિલીફથી ચાલ્યા જ કરે છે ભૂતની અસર. તે કેટલાય અવતારે તમારે ગઈ અસર (આ જ્ઞાન મળવાથી) !

મૂળ દ્રવ્યને કશી અસર જ નથી થતી. આ તો ભ્રામક માન્યતાઓ જ છે. દ્રવ્ય બગડતું નથી. દ્રવ્ય બગડતું હોય તો તો મોક્ષ થાય જ નહીં કોઈનો. 'જ્ઞાન' બદલાતું નથી, ખાલી 'બિલીફ' જ બદલાય છે.

## અસરોથી અલિપ્ત, ભગવાન 'પોતે'

ભગવાન મહાવીરને અહીં આગળ બરૂ માર્યું'તુંને. ખીલા નહોતા માર્યાં પણ બરૂ માર્યું'તુંને તે વ્યથિતપણું રહેતું'તું. મહાવીરને હઉ રહેતું'તું. બધાને રહે, કારણ કે જ્યાં સુધી દેહ છેને, ત્યાં સુધી દેહની અસર રહ્યા કરે. એમણે એ જ તપ કર્યું હતું. ઠેઠ સુધી તપ તપી અને જ્ઞાનથી જોયા જ કર્યું અને 'પોતે' અસરમુક્ત રહ્યા ! ભગવાન ઉપર બધા બહુ લોકો એ હતા, વેરવીઓ પણ ભગવાનને એવા પરમાણુ જ હતા નહીં. તેથી એમને અસર જ ના થાય ને !

અરીસામાં ડુંગર દેખાય તો શું તેમાં કંઈ અરીસાને વજન લાગે ? તે એવી જ રીતે જ્ઞાનીઓને સંસાર અવસ્થાની કંઈ અસર થતી નથી.

## આત્મા જ્ઞાન સ્વરૂપ, એને અસર શું ?

બહારની ગાળો ભાંડતો હોય તો તે અસર થાય કે નાય થાય, પણ દેહની અસર તો, દેહ તો વળગેલો-ચોંટેલો છે. એની મહીં ચેતન, ચેતન ઘૂસી ગયેલું છે. તે અમુક ચેતન હતું તે અહંકારનું ચેતન એ બધું મૂળ ચેતનમાં પેસી ગયું. અને આ દેહનું ચેતન એ છેને સંગી ચેતના કહેવાય છે. સંગી ચેતના એટલે શું કે અહીં આગળ વિધિ કરતા હોય તમે અને એકદમ નવી જાતનો અવાજ થાય તો દેહ ભડકે, પણ તમે સમજી જાવ કે હું નથી ભડક્યો. એ સંગી ચેતના છે. એ અસર આપ્યા વગર રહે નહીં. એટલે આપણે સમજવું જોઈએ કે અંદર સંગી ચેતના છે ત્યાં સુધી અસર થવાની જ. એટલો સમય આપણે સમજીએ કે એક-બે અવતાર હોય ત્યાં સુધી, પછી હવે ડખો રહ્યો નહીંને ?

આત્મા સ્વભાવમાં જ છે, પણ ધુમ્મસ બહુ છે તેથી દેખાય નહીં. ધુમ્મસ જાય એટલે દેખાય. દ્રવ્યકર્મ ધુમ્મસ જેવું છે. ધુમ્મસમાંથી બહાર નીકળે ત્યાર પછીય 'એને' કેટલાંય કાળ સુધી અસર રહે. 'જ્ઞાની' તેને છોડી આપે. કર્મ બંધાતા અટક્યા કે ગયું બધું. એટલે બધું ગયું જ છે.

આત્મા એ 'જ્ઞાન સ્વરૂપ' જ છે, બીજી કોઈ વસ્તુ નથી. આ દીવાનો પ્રકાશ જડ છે, પણ એને કાપીએ તો એ કપાઈ જાય ? આત્માનો પ્રકાશ તો ઓર જ છે ! ભઠ્ઠી સળગાવીએ તોય એ જ્ઞાનને અડે નહીં એટલું બધું એ સૂક્ષ્મ છે ! આ અગ્નિનો ભડકો એ સ્થૂળ છે, આત્માની અપેક્ષાએ. આત્મા તો એટલો બધો સૂક્ષ્મ છે કે એને આ કશી અસર જ ના થાય અને તે જ પરમાત્મા છે !

**- જય સચ્ચિદાનંદ**

## દાદાઈ જગકલ્યાણ મીશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૨૨ થી ૨૯ ડિસેમ્બર** : અડાલજ ત્રિમંદિર સંકુલમાં દાદાનગર ખાતે ૮ દિવસ સુધી આપ્તવાણી-૮ તથા ક્લેશ વિનાનું જીવન ગ્રંથો પર સત્સંગ પારાયણ થયું હતું. આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન સાથે વ્યવહારજ્ઞાનની વિસ્તૃત છણાવટનો અદ્ભુત સમન્વય પારાયણ દરમ્યાન જોવા મળ્યો હતો. સેકડો પ્રશ્નોના યથાર્થ જવાબો પૂજ્યશ્રીના શ્રીમુખે સાંભળી ઉપસ્થિત સાત હજારથી વધુ મહાત્માઓ અતિ ભાવવિભોર થઈ ગયા હતા. ઠંડીની પરવા કર્યા વિના સત્સંગ-સામાયિક-ભક્તિ માટે મહાત્માઓનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ૩૦૦ જેટલા એનઆરઆઈ તથા વિદેશી મહાત્માઓ પણ પારાયણમાં ભાગ લેવા અત્રે પધાર્યા હતા. અહીં નહીં પહોંચી શકનાર મહાત્માઓએ ઈન્ટરનેટ પર લાઈવ વેબકાસ્ટ દ્વારા આનો લાભ લીધો હતો. સામાયિક, ગરબા તથા કીર્તન ભક્તિ પણ યોજાયા હતા. પૂજ્ય નીરુમા રચિત પદોની ઓડીયો સીડી- સ્વરમણા-૨૫, ગોધરા ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા તથા પૂજ્ય દીપકભાઈના સ્વરમાં હિન્દીમાં પ્રાર્થનાઓ-વિધિઓની સીડી  પૂજ્યશ્રીના કરકમલો દ્વારા ઉદ્ઘાટિત થઈ હતી.

**૩૦ ડિસેમ્બર** : અડાલજ ત્રિમંદિરે જાયજેન્ટિક હોલમાં ૬૫૦ જેટલી શ્રી સીમંધર સ્વામીની નાની પ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા પૂજ્યશ્રી દીપકભાઈના વરદ હસ્તે ગોઠવાઈ હતી. પ્રતિષ્ઠા દરમ્યાન મહાત્માઓએ પ્રાર્થનાઓ, ચરણવિધિ તથા અસીમ જય જયકાર કર્યા હતા. પ્રતિષ્ઠા બાદ મહાત્માઓએ પોતપોતાના ભગવાનને પ્રક્ષાલ-પૂજન-અર્ચન કર્યા હતા તથા શ્રી સીમંધર સ્વામી તથા પરમ પૂજ્ય દાદા ભગવાનની આરતી થઈ હતી. અંતે મહાત્માઓ ભગવાનની પ્રતિમા મસ્તક પર મૂકી નાચ્યા હતા તથા ગરબા ગાયા હતા.

**૩૧ ડિસેમ્બર** : અડાલજ ત્રિમંદિરમાં નવા વર્ષની પૂર્વ સંધ્યાએ રાત્રે ૧૦ થી ૧૨ દરમ્યાન ભક્તિનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જર્મન મહાત્માઓએ પણ પોતાની પ્રસ્તુતિ રજૂ કરી હતી. દાદા ભગવાન તથા સીમંધર સ્વામીના પદો ઉલ્લાસભેર ગવાયા હતા. ૧૨ વાગતા સમગ્ર મંદિર હર્ષોલ્લાસથી ધમધમી ઊઠ્યું હતું. પૂજ્યશ્રીએ નવા વર્ષે આનંદમાં જ રહેવા, ભોગવટામાં નહીં આવવા સંદેશો આપ્યો હતો તથા વિધિ કરાવી હતી. નવા વર્ષની ઉપસ્થિત મહાત્માઓને શુભેચ્છા પાઠવી હતી.

**૧ જાન્યુઆરી** : સેફ્રોની મહેસાણા ખાતે આપ્તસંકુલના ભાઈઓ-બહેનો તથા અમુક મહાત્માઓ સાથે દાદા ભગવાન પરિવારના વિઝન સ્ટેટમેન્ટ તથા મૂલ્યો નક્કી કરવા માટે પૂજ્યશ્રીના સાંનિધ્યમાં ૮મો વર્કશોપ યોજાયો હતો તથા સંસ્થાનું વિઝન સ્ટેટમેન્ટ તથા મૂલ્યો નક્કી થયા હતા.

**૨ જાન્યુઆરી** : પરમ પૂજ્ય દાદા ભગવાનની ૨૫મી પુણ્યતિથિએ દાદા ભગવાન પરિવારનું વિઝન સ્ટેટમેન્ટ તથા મૂલ્યો જાહેર કરવા ત્રિમંદિર જાયજેન્ટિક હોલમાં વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. સમગ્ર હોલ મહાત્માઓથી ખચાખચ ભરાઈ ગયો હતો. વિઝન એટલે શું, એની શી જરૂરિયાત છે, એ માટે થયેલા વર્કશોપ, ભાગ લેનાર મહાત્માઓની ભાવનાઓ, પૂજ્યશ્રીની ભાવના વિગેરે વિવિધ પ્રેઝન્ટેશન દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. સાંજે ૬-૪૪ વાગે પૂજ્યશ્રીએ દાદા ભગવાન પરિવાર સંસ્થાનું વિઝન સ્ટેટમેન્ટ તથા મૂલ્યો અનાવરિત કર્યા હતા. સર્વે મહાત્માઓએ અતિ ઉલ્લાસથી તેને વધાવી લીધા હતા. અંતે આરતી થઈ હતી તથા એન્થમ ગવાયું હતું.

**જાહેર થયેલ દાદા ભગવાન પરિવારનું વિઝન સ્ટેટમેન્ટ - ''જગત પરમ શાંતિને પામો અને કેટલાંક મોક્ષને પામો.''**
**મૂલ્યો - (૧) પ્યોરિટી, (૨) કષાયરહિત વ્યવહાર, (૩) આધીનતા-પ્રત્યક્ષ જ્ઞાનીની, (૪) અકર્તાભાવ.**

**૫-૬ જાન્યુઆરી** : અડાલજ ત્રિમંદિર ખાતે યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ દરમ્યાન ૧૭૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. જેમાં ફ્રાન્સ, સ્વીડન, પોર્ટુગલ, થાઈલેન્ડ જેવા દેશો તથા ભારતના વિવિધ રાજ્યોમાંથી પણ મુમુક્ષુઓ આવ્યા હતા.

૬ જાન્યુઆરીએ અંબા ટાઉનશીપ (એટીપીએલ)ના સેકટર-જના ૭૦૦ ફ્લેટોની નવી યોજનાનું ખાતમુહૂર્ત પૂજ્યશ્રીના વરદ હસ્તે થયું હતું. જેમાં ૧ રૂમ-કીચનથી માંડીને ૩ બેડરૂમ સુધીના વિવિધ પ્રકારના ફ્લેટો બનશે.

**૧૪ થી ૧૬ જાન્યુઆરી** : અડાલજ ત્રિમંદિર ખાતે યોજાયેલ પરીણિત બહેનોની વિશેષ શિબિરમાં ૩૫૫૦ જેટલી મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. યુએસએ, યુકે, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, કેન્યા, યુએઈ, સિંગાપુર જેવા દેશોમાંથી વિશેષ રૂપે માત્ર આ શિબિરમાં ભાગ લેવા ઘણાં મહાત્મા બહેનો આવ્યા હતા. મોહ, કપટ, સ્ત્રી પ્રકૃતિ, હૂંફ જેવા વિષયો પર સૂક્ષ્મતાએ પૂજ્યશ્રીએ છણાવટ કરી હતી. આપ્તપુત્રી બહેનોએ પણ અલગ-અલગ ગ્રુપમાં મહાત્મા બહેનો સાથે સત્સંગ કર્યા હતા.

**૧૮ થી ૨૦ જાન્યુઆરી** : અડાલજ ત્રિમંદિર ખાતે યોજાયેલ પરીણિત ભાઈઓની વિશેષ શિબિરમાં ૧૬૦૦ ભાઈઓએ ભાગ લીધો હતો. યુએસએ, યુકે, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, કેન્યા, યુએઈ, સિંગાપુર જેવા દેશોમાંથી વિશેષ રૂપે માત્ર આ શિબિરમાં ભાગ લેવા ઘણાં મહાત્મા ભાઈઓ આવ્યા હતા. જ્ઞાનમાં પ્રગતિ સાધવા બ્રહ્મચર્યની મહત્વતા તથા પઝેસિવનેસ, હૂંફ વિગેરે પર પૂજ્યશ્રીએ વિશેષ ફોડ પાડ્યા હતા. આપ્તપુત્રો ભાઈઓએ પણ અલગ-અલગ ગ્રુપમાં મહાત્મા ભાઈઓ સાથે સત્સંગ કર્યા હતા.

## દાદાવાણી મેગેઝીનના લવાજમમાં પરિવર્તન

ભારતમાં જાન્યુઆરી ૨૦૧૩થી ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાની દાદાવાણી મેગેઝીનના લવાજમમાં પરિવર્તન કરવામાં આવેલ છે, જેની નોંધ લેશો. નવા સુધારેલા દર નીચે પ્રમાણે રહેશે.

**'દાદાવાણી' મેગેઝીન લવાજમના નવા દર : વાર્ષિક - ૧૦૦ રૂપિયા, ૧૫ વર્ષ - ૭૫૦ રૂપિયા**

ભારતમાં લવાજમ માટે ડિમાન્ડ ડ્રાફ્ટ (પેયેબલ અમદાવાદ) કે મનીઓર્ડર 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

---

## દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA41250 # અને જો આ મહિનાના કવરના લેબલ પર ગ્રાહક નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની દાદાવાણી છેલ્લી દાદાવાણી રહેશે. દા.ત. DGIA41250 # #. દાદાવાણી રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) પેજ નં. ૧ પર આપેલ છે.

---

## દાદાવાણી મેગેઝીનના સભ્યો માટે સૂચના

દાદાવાણીના જે સભ્યોને જે તે મહિનાનો અંક ન મળ્યો હોય અથવા મોડો મળ્યો હોય તેમણે અગાઉ મળેલ દાદાવાણીના કવર પર અથવા દાદાવાણી લવાજમની રસીદ પર પોતાની તમામ વિગતો જેવી કે નામ, સરનામું, ગામ/શહેર, પીનકોડ વિગેરે ચેક કરવા. એમાં કંઈ પણ ભૂલ હોય તો ત્રિમંદિર અડાલજના સરનામે પત્ર દ્વારા અથવા ઈમેઈલ દ્વારા dadavani@dadabhagwan.org પર જાણ કરવી, જેથી તેમાં સુધારો થઈ શકે. આપના સરનામામાં પીનકોડ ન આપ્યો હોય તો એની અવશ્ય જાણ કરવી. જો આપને દાદાવાણીનો અંક ન મળે તો પણ ત્રિમંદિર અડાલજના સરનામે જાણ કરવા વિનંતી છે. સ્ટોકમાં હશે તો ફરીથી મોકલવામાં આવશે.

---

## પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન' - ડીડી-ગિરનાર પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ અને બપોરે ૩-૩૦ થી ૪ - 'જ્ઞાનવાણી'**
- **'અરિહંત' ચેનલ પર દરરોજ સવારે ૧૦ થી ૧૦-૩૦ અને બપોરે ૩-૩૦ થી ૪**
- **'આસ્થા' પર દરરોજ રાત્રે ૧૦-૨૦ થી ૧૦-૪૦ (હિન્દીમાં)**
- **'સોહમ' ચેનલ પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ (હિન્દીમાં)**
- **'દૂરદર્શન' - ડીડી-સપ્તગિરિ પર સોમ થી શુક્ર સવારે ૭-૩૦ થી ૮ (તેલુગુમાં)**
- **'દૂરદર્શન' - ડીડી ચંદના પર દર રવિવારે સવારે ૯ થી ૯-૩૦ (કન્નડમાં)**

**USA** + **'TV Asia' - સોમ થી શુક્ર સવારે ૭-૩૦ થી ૮ EST**

**USA-UK** + **'આસ્થા' પર દરરોજ સવારે ૮ થી ૮-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૬૪૮)**

**સમગ્ર વિશ્વમાં (ભારત સિવાય) - 'સોની' ટીવી પર સોમ થી શુક્ર સવારે ૭ થી ૭-૩૦ (હિન્દીમાં)**

---

## પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન' ડીડી-ગિરનાર પર દરરોજ રાત્રે ૯ થી ૯-૩૦ - 'જ્ઞાનપ્રકાશ'**
- **'દૂરદર્શન' નેશનલ પર દર સોમ-મંગળ-બુધ સવારે ૮-૩૦ થી ૯ (હિન્દીમાં)**
- **'દૂરદર્શન - 'સહ્યાદ્રિ' પર સોમ થી શનિ સવારે ૭-૩૦ થી ૮ (મરાઠીમાં)**

**સમગ્ર વિશ્વમાં (ભારત સિવાય) 'SAHARA ONE' - સોમ થી શુક્ર - સવારે ૯ થી ૯-૩૦ EST**

**USA-UK** + **'આસ્થા' પર દરરોજ રાત્રે ૯-૩૦ થી ૧૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૬૪૮)**

---

**મુખ્ય સેન્ટરોના સંપર્ક : અડાલજ ત્રિમંદિર :** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦, **અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧; રાજકોટ ત્રિમંદિર: ૯૨૭૪૧૧૧૩૯૩; ભૂજ ત્રિમંદિર: (૦૨૮૩૨) ૨૯૦૧૨૩; ગોધરા ત્રિમંદિર: (૦૨૬૭૨) ૨૬૨૩૦૦; વડોદરા (દાદા મંદિર) : ૦૨૬૫-૨૪૧૪૧૪૨; **U.S.A.-Canada:** +1 877-505-DADA (3232); **U.K.:** +44 330-111-DADA(3232)

## સમર કેમ્પ - બાળકો-યુવાનો માટે સંસ્કારસિંચન શિબિર - વર્ષ ૨૦૧૩

| સ્થળ | ગ્રુપ A - યુવાન ભાઈઓ માટે<br>૧૩ થી ૧૬ વર્ષ | | સંપર્ક નંબર |
|---|---|---|---|
| મુંબઈ | ૧૯-૨૦-૨૧ એપ્રિલ | | ૯૩૨૧૦૧૦૨૦૮ |
| સીમંધર સીટી | ૨૭-૨૮ એપ્રિલ | | (૦૭૯) ૩૯૮૩૦૯૩૯ |
| સુરત | ૪-૫ મે | | ૯૮૯૮૬૮૯૬૯૭ |
| રાજકોટ | ૧૮-૧૯ મે | | ૯૮૨૪૨૧૮૦૫૬ |
| | **ગ્રુપ B - છોકરાં-છોકરીઓ માટે** | | |
| | **૭ થી ૯ વર્ષ** | **૧૦ થી ૧૨ વર્ષ** | |
| મુંબઈ (કાંદીવલી) | ૧૩-૧૪ એપ્રિલ | ૧૩-૧૪ એપ્રિલ | ૮૬૫૨૮૯૦૦૬૬ |
| મુંબઈ (ઘાટકોપર) | ૨૦-૨૧ એપ્રિલ | ૨૦-૨૧ એપ્રિલ | ૯૩૨૦૨૫૫૨૬૬ |
| ભાવનગર | ૨૨-૨૩ એપ્રિલ | ૨૨-૨૩ એપ્રિલ | ૯૫૭૪૦૦૮૦૯૦ |
| સુરત | ૨૫-૨૬ એપ્રિલ | ૨૫-૨૬ એપ્રિલ | ૯૭૨૫૮૩૨૭૦૪ |
| વડોદરા | ૨૫-૨૬ એપ્રિલ | ૨૭-૨૮ એપ્રિલ | ૮૯૮૦૯૯૫૨૫૫ |
| ભુજ | ૪-૫ મે | ૬-૭ મે | ૯૯૦૯૫૬૫૬૭૯ |
| રાજકોટ | ૪-૫ મે | ૬-૭ મે | ૮૮૬૬૮૮૮૮૩૭ |
| સીમંધર સીટી | ૧૬-૧૭ મે | ૧૮-૧૯ મે | (૦૭૯) ૩૯૮૩૦૯૩૯ |
| | **ગ્રુપ C - યુવાન બહેનો માટે** | | |
| | **૧૩ થી ૧૬ વર્ષ** | **૧૭ થી ૨૧ વર્ષ** | |
| સીમંધર સીટી | ૧-૨ મે | ૨૧-૨૨-૨૩ મે | (૦૭૯) ૩૯૮૩૦૯૩૯ |
| | **ગ્રુપ D - યુવાન ભાઈઓ માટે<br>૧૭ થી ૨૧ વર્ષ** | | |
| ભુજ ત્રિમંદિર | ૨૭-૨૮ એપ્રિલ (**૧૩ થી ૨૧ વર્ષ**) | | ૭૫૬૭૫૬૧૫૫૬ |
| સીમંધર સીટી | ૧૩-૧૪-૧૫ મે | | (૦૭૯) ૩૯૮૩૦૯૩૯ |

**નોંધ** : (૧) સમર કેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

૨) રજિસ્ટ્રેશન માટે બાળક/યુવાનની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઈ છે તે મુજબ જે તે સમર કેમ્પની તારીખના ૧૦ દિવસ અગાઉ રજિસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યાર બાદ રજિસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.

૩) સીમંધર સીટી સમર કેમ્પ માટે રજિસ્ટ્રેશન ત્રિમંદિર સંકુલના 'સ્ટોર ઓફ હેપીનેસ'માં સવારે ૯-૩૦ થી ૧૨, સાંજે ૪ થી ૭ દરમ્યાન જે તે સમર કેમ્પના ૧૦ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઈ શકશે.

૪) ઉપર જણાવેલ સેન્ટરમાંથી કોઈ એક સેન્ટર પર જ ભાગ લઈ શકાશે.

## Pujya Deepakbhai's UK-Germany-Spain Satsang Schedule (2013)

**Contact telephone no. for all centers in UK + 44-330-111-DADA (3232), email:info@uk.dadabhagwan.org**

| Date | Day | From | To | Event | Address |
|---|---|---|---|---|---|
| 29-Mar to 2-Apr | Fri | 10.00am | 7.00pm | **SHIBIR FOR ONLY UK MAHATMA** | Pakefield |
| 05-Apr | Fri | 10.00am | 12.30pm | Satsang | Oberstdorf-Haus, Prinzregentenplatz 1, D-87561 Oberstdorf/Allgäu, **Germany** |
| 05-Apr | Fri | 4.00pm | 7.30pm | **Gnan Vidhi** | |
| 06-Apr | Sat | 10.00am | 12.30pm | Satsang | |
| 06-Apr | Sat | 4.30pm | 7.00pm | Satsang | |
| 07-Apr | Sat | 10.00am | 12.30pm | Darshan | |
| 09-Apr | Tue | 10.30am | 12.30pm | Satsang | Maritim Hotel Tenerife Teneriffa, El Burgado, 38410 Puerto De La Cruz, Los Realejos **Spain** |
| 09-Apr | Tue | 6.30pm | 9.00pm | Satsang | |
| 10-Apr | Tue | 10.30am | 12.30pm | Satsang | |
| 10-Apr | Wed | 5.30pm | 9.00pm | **Gnan Vidhi** | |
| 11-Apr | Thu | 9.30am | 1.00pm | Darshan | |
| 13-Apr | Sat | 7.30pm | 10.00pm | Aptaputra Satsang | St Wilfrid's Catholic School, St Wilfrid's Way, Old Horsham Road, Crawley, West Sussex, RH11 8PG |
| 13-Apr | Sat | 7.30pm | 10.00pm | Satsang | Hariben Bachubhai Nagrecha Hall, 198-202 Leyton Road, London, E15 1DT |
| 14-Apr | Sun | 10.30am | 12.00pm | Aptaputra Satsang | |
| 14-Apr | Sun | 3.30pm | 7.30pm | **Gnan Vidhi** | |
| 15-Apr | Mon | 7.30pm | 9.30pm | Aptaputra Satsang | |
| 16-Apr | Tue | 7.30pm | 10.00pm | Satsang | Wanza Community Centre, 31 Pasture Lane, Leicester, LE1 4EY |
| 17-Apr | Wed | 7.30pm | 10.00pm | Satsang | |
| 18-Apr | Thu | 10.30am | 12.30pm | Aptaputra Satsang | |
| 18-Apr | Thu | 6.00pm | 10.00pm | **Gnan Vidhi** | |
| 19-Apr | Fri | 7.30pm | 10.00pm | Aptaputra Satsang | Leuva Patidar Samaj Legrams mill lane Off Legrams Lane, BD7 2BA |
| 20-Apr | Sat | 7.30pm | 10.00pm | Aptaputra Satsang | Hurst Community Centre, Kings Road, Ashton-u-Lyne, OL6 8EZ |
| 20-Apr | Sat | 7.00pm | 9.00pm | Satsang | Shree Ram Mandir, Ford Street, Pleck, Walsall, West Midlands, WS2 9BW |
| 21-Apr | Sun | 10.30am | 12.30pm | Aptaputra Satsang | |
| 21-Apr | Sun | 3.30pm | 7.30pm | **Gnan Vidhi** | |
| 22-Apr | Mon | 7.00pm | 9.00pm | Aptaputra Satsang | |
| 23-Apr | Tue | 7.30pm | 10.00pm | **Satsang for Mahatma** | Kadwa Patidar Centre, Kenmore Avenue, Kenton, Harrow, Middx, HA3 8LU |
| 24-Apr | Wed | 7.30pm | 10.00pm | | |
| 26-Apr | Fri | 7.30pm | 10.00pm | Satsang | Harrow Leisure Centre, Byron Hall, Christchurch Avenue, Harrow, Middx, HA3 5BD |
| 27-Apr | Sat | 11.00am | 12.30pm | English Satsang by Aptaputra | |
| 27-Apr | Sat | 7.30pm | 10.00pm | Satsang | |
| 28-Apr | Sun | 10.00am | 12.00pm | **Pratishta of Simandhar Swami** | |
| 28-Apr | Sun | 3.30pm | 7.30pm | **Gnan Vidhi** | |
| 29-Apr | Mon | 7.30pm | 10.00pm | Satsang | |

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### સુરેન્દ્રનગર

તા. **૯ ફેબ્રુઆરી** (શનિ), સાંજે ૮ થી ૧૦-૩૦- **સત્સંગ** તથા **૧૦ ફેબ્રુ.** (રવિ), સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** એમ. પી. શાહ આર્ટસ્ એન્ડ સાયન્સ કોલેજ ગ્રાઉન્ડ, બસ સ્ટેન્ડ રોડ. **સંપર્ક :** ૯૮૭૯૨૩૨૮૭૭

### જૂનાગઢ

તા. **૧૨ ફેબ્રુઆરી** (મંગળ), રાત્રે ૮ થી ૧૦-૩૦- **સત્સંગ** તથા **૧૩ ફેબ્રુ.** (બુધ), સાંજે ૭ થી ૧૦-૩૦ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** શ્રી સ્વામિનારાયણ મંદિર, અક્ષરવાડી, મોતીબાગ ગેટ નં. ૩ ની સામે. **સંપર્ક :** ૯૯૨૪૩૪૪૪૮૯

### રાજકોટ

તા. **૧૫-૧૬ ફેબ્રુ.** (શુક્ર-શનિ), સાંજે ૭-૩૦ થી ૧૦- **સત્સંગ** તથા **૧૭ ફેબ્રુ.** (રવિ), સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** નંદનવન પાર્ટી પ્લોટ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, નાના મવા ચોકડી. **સંપર્ક :** ૯૮૭૯૧૩૭૯૭૧

### જેતપુર

તા. **૧૮ ફેબ્રુઆરી** (સોમ), રાત્રે ૮-૩૦ થી ૧૧ - **સત્સંગ** તથા **૧૯ ફેબ્રુ.** (મંગળ), સાંજે ૭-૩૦ થી ૧૧ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** જીમખાના ગ્રાઉન્ડ, બસ સ્ટેન્ડની સામે, જેતપુર. **સંપર્ક :** ૯૮૨૫૯૬૯૧૧૨

### મોરબી

તા. **૨૨ ફેબ્રુઆરી** (શુક્ર), સાંજે ૪ થી ૬-૩૦ - **સત્સંગ** તથા **૨૩ ફેબ્રુ.** (શનિ), બપોરે ૩ થી ૬-૩૦ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** મોરબી ત્રિમંદિર, જેપુર ગામ પાસે, મોરબી-નવલખી હાઈવે. **સંપર્ક :** ૯૪૨૬૨૨૭૬૧૬

### ગાંધીધામ

તા. **૨૭ ફેબ્રુઆરી** (બુધ), સાંજે ૬-૩૦ થી ૯ - **સત્સંગ** તથા **૨૮ ફેબ્રુ.** (ગુરુ), સાંજે ૫-૩૦ થી ૯ -**જ્ઞાનવિધિ**
**સ્થળ :** શક્તિનગર ક્રિકેટ ગ્રાઉન્ડ, ગાંધીધામ. **સંપર્ક :** ૯૫૭૪૦૦૮૧૨૪

### અડાલજ ત્રિમંદિર

તા. **૧૬** તથા **૧૮ માર્ચ** (શનિ-સોમ), સાંજે ૪-૩૦ થી ૭ - **સત્સંગ** તથા **૧૭ માર્ચ** (રવિ), બપોરે ૩-૩૦ થી ૭ - **જ્ઞાનવિધિ**

તા. **૧૯ માર્ચ** (મંગળ), સાંજે ૪ થી ૭ - **પૂ. નીરુમાની સ્પે. સીડી** તથા **આપ્તસિંચનના નવા સાધકોની સમર્પણ વિધિ**
તથા રાત્રે ૮-૩૦ થી ૧૦ - **પૂ. નીરુમાની સાતમી પુણ્યતિથિ નિમિત્તે વિશેષ ભક્તિ**

---

*દાદા ભગવાન તમે જ્યાં હો ત્યાંથી મોરબી ત્રિમંદિરે પ્રાણ પૂરવાને વ્હેલા વ્હેલા આવો રે...*

## મોરબી ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

### આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં...

### તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૩ (રવિવાર)

**પ્રાણપ્રતિષ્ઠા :** સવારે ૧૦ થી ૧ તથા **પ્રક્ષાલ-પૂજન-આરતી :** સાંજે ૪ થી ૭

**સ્થળ :** મોરબી ત્રિમંદિર, જેપુર ગામ પાસે, મોરબી-નવલખી હાઈવે. **સંપર્ક :** ૯૪૨૬૨૨૭૬૧૬

**વિશેષ સૂચના :** પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમ માત્ર એક દિવસનો હોવાથી રહેવાની સુવિધા ઉપલબ્ધ નથી. જે મહાત્મા-મુમુક્ષુઓ પ્રતિષ્ઠાના દિવસે સીધા જ મહોત્સવ સ્થળ પર પહોંચશે, તેમના માટે બાથરૂમ-ટોઈલેટની સુવિધા રહેશે. કાર્યક્રમમાં ભાગ લેવા અગાઉથી રજિસ્ટ્રેશન કરાવેલું હોવું જરૂરી છે.

ફેબ્રુઆરી ૨૦૧૩
વર્ષ-૧૮, અંક-૬
સળંગ અંક - ૨૧૦

# દાદાવાણી

Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/23/2012
Valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## મોરબીમાં પરમ પૂજ્ય દાદા ભગવાન પ્રેરિત નિષ્પક્ષપાતી
# ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ




આ અલૌકિક પ્રાણપ્રતિષ્ઠાના અપૂર્વ અવસરે આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના દિવ્ય સાંનિધ્યમાં સહભાગી થવા સહુને ભાવભર્યું આમંત્રણ...

તારીખ : ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૩, રવિવાર
સમય : પ્રતિષ્ઠા - સવારે ૧૦ થી ૧, પ્રક્ષાલ-પૂજન-આરતી - સાંજે ૪ થી ૭
સ્થળ : મોરબી ત્રિમંદિર, જેપુર ગામ પાસે, મોરબી-નવલખી હાઈવે.

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.